અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ ઓક્ટોબર ૨૦૨૩, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો વદ ચૌદસ | અંક : ૭૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## સીરીયાના દમાસ્કસ અને અલેપ્પો એરપોર્ટ પર ઈઝરાયેલનો રોકેટમારો

### અલેપ્પો એરપોર્ટ પર ઈઝરાયેલના હુમલામાં નુકસાન થયું છે પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી, સીરિયન આર્મીએ આ બંને હુમલાની જવાબી કાર્યવાહી શરૂ કરી

। દમાસ્કસ, તા.૧૨ ।

ઈઝરાયલ અને પેલેસ્ટિનિયન યુદ્ધને લઈ વધુ એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ઈઝરાયેલે સીરિયાના દમાસ્કસ અને અલેપ્પોના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હવાઈ હુમલા શરૂ કર્યો છે. એવી સંભાવનાઓ છે કે, હુમલાઓમાં ઈરાનથી આવતા હથિયારોને નિશાન બનાવવામાં આવ્યા છે. સ્થાનિક મીડિયા અહેવાલ અનુસાર, સીરિયન આર્મીએ આ બંને હુમલાની જવાબી કાર્યવાહી શરૂ કરી દીધી છે. એવું પણ સામે આવી રહ્યું છે કે, અલેપ્પો એરપોર્ટ પર ઈઝરાયેલના હુમલામાં નુકસાન થયું છે પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. સીરિયાના મીડિયા અહેવાલ અનુસાર, સૈન્ય સૂત્રોના આધારે આ હુમલો આજે ઈઝરાયેલની સેના દ્વારા અલેપ્પો અને દમાસ્કસ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રોકેટ છોડી કરવામાં આવ્યો હતો. જેના કારણે એરપોર્ટના રનવેને નુકસાન થયું છે. આ હુમલો ગાઝામાં ઈઝરાયેલના



ગુનાઓ પરથી દુનિયાનું ધ્યાન હટાવવાનો પ્રયાસ છે. ઉપરાંત ઈરાન દ્વારા ગાઝાને મોકલવામાં આવતા હથિયારોને લઈ જાણકરી મળી હતી જેના કારણે આ હુમલો થયાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.

### હમાસનો ઈઝરાયલના ગુરિયન એરપોર્ટ પર રોકેટમારો, મુસાફરો સુરક્ષિત



ગાઝા પટ્ટી માં હમાસના આતંકવાદી પર ઈઝરાયેલ દ્વારા વળતો જવાબ આપતા સતત હુમલા ચાલુ છે અને આ હુમલાઓમાં ઘણા આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે ત્યારે આ વચ્ચે મોટા સમાચાર આવી રહ્યા છે કે હમાસ દ્વારા પણ મોટો હુમલો કરવામાં આવ્યો છે જેમા ઈઝરાયેલના સૌથી મોટા બેન ગુરિયન એરપોર્ટ તરફ રોકેટ છોડ્યા છે. આ હુમલા બાદ તમામ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. હાલ તમામ મુસાફરો સુરક્ષિત છે તેવું અધિકારીઓએ જણાવ્યું છે. ઈઝરાયેલમાં ગઈકાલે લેબનોન થી ઘણા શંકાસ્પદ વિમાનો પ્રવેશ્યા બાદ સાયરન વાગવા લાગ્યું હતું. આ બાદ ઉત્તરી ઈઝરાયેલના લોકોને સલામત સ્થળે આશ્રય લેવા માટે કહેવામાં આવ્યું હતું. બીજી બાજુ ઈઝરાયેલની સેનાએ આ ઘટનાને નકારી કાઢી છે. સેનાના પ્રવક્તાએ કહ્યું હતું કે લેબનોનથી આવા કોઈ વિમાન ઈઝરાયેલમાં પ્રવેશ્યા નથી. હાલ આ માનવીય ભૂલ છે કે ટેક્નિકલ તેની તપાસ ચાલી રહી છે. આ યુદ્ધ દરમિયાન ઇઝરાયેલે આતંકી સંગઠન હમાસના સંસ્થાપક સદસ્ય પૈકીના એર અબ્દ અલ ફતહને ગાઝામાં મારી નાખ્યો હોવાનો દાવો કર્યો છે. અબ્દ અલ ફતહને અબૂ ઓસામા નામથી પણ ઓળખવામાં આવતો હતો. મધ્ય ગાઝામાં ઇઝરાયલના ફાઇટર વિમાનોએ બૉંબ હુમલામાં મોતને ઘાટ ઉતાર્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### મુકેશ અંબાણી ૯૨ અબજ ડોલરની સંપત્તિ સાથે દેશના સૌથી અમીર



। નવી દિલ્હી, તા.૧૨ ।

ફોર્બ્સે ઈન્ડિયા દર વર્ષે ભારતના અમીરોની યાદી જાહેર કરે છે. આ યાદીમાં ભારતના મુકેશ અંબાણી ફરી એકવાર એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે જેમની કુલ સંપત્તિ ૯૨ અબજ ડૉલર છે. દરમિયાન ગૌતમ અદાણી ૬૮ અબજ ડૉલરની સંપત્તિ સાથે ભારતની યાદીમાં બીજા ક્રમે છે. ફોર્બ્સ અનુસાર, આ તમામ ૧૦૦ લોકોની સંયુક્ત સંપત્તિ ૭૯૯ ડોલર બિલિયન છે. ગયા વર્ષે અદાણીએ આ યાદીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

### પીઆઈની હત્યા કેસમાં આરિઝ ખાનની ફાંસીની સજા આજીવન કેદમાં બદલાઈ

। નવી દિલ્હી, તા.૧૨ ।

આજે દિલ્હી હાઈકોર્ટે બાટલા હાઉસ એક્કાઉન્ટર કેસમાં પોતાનો ચુકાદો સંભળાવતા આરિઝ ખાનને આપવામાં આવેલી ફાંસીની સજા ને આજીવન કેદમાં ફેરવી દીધી હતી. અગાઉ દિલ્હી પોલીસ ઈન્સ્પેક્ટર મોહન ચંદ શર્માની હત્યા માટે ટ્રાયલ કોર્ટે આરિઝ ખાનને ફાંસીની સજા સંભળાવી હતી. દિલ્હીમાં ૧૩મી સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ થયા હતા જેમાં ૨૬ લોકોના મોત થયા હતા જ્યારે ૧૩૩ લોકો ઘાયલ થયા હતા.

### ખાલિસ્તાની આતંકીની હત્યાને લઈ ભારત-કેનેડા વચ્ચે તણાવ

## ભારતના વિદેશ પ્રધાનની કેનેડાના વિદેશ પ્રધાન સાથે ગુપ્ત મુલાકાત

### આ મુલાકાત અમેરિકાના કહેવાથી યોજવામાં આવી હોવાનું કહેવાય છે, પરંતુ હજુ સુધી કંઈ સ્પષ્ટ નથી

। વોશિંગ્ટન, તા.૧૨ ।

કેનેડાએ ખાલિસ્તાની ત્રાસવાદીની હત્યાના મુદ્દે ભારત પર આરોપો મુક્યા પછી ભારત અને કેનેડાના સંબંધોમાં તણાવ પેદા થયો છે. પરંતુ હવે ફરીથી સંબંધો સુધારા પર આવશે કે કેમ તેત સવાલ છે. ભારતના વિદેશમંત્રી એસ જયશંકરે તાજેતરમાં કેનેડાના વિદેશમંત્રી મેલેઈન જોલી સાથે વોશિંગ્ટનમાં એક ગુપ્ત મુલાકાત યોજી હતી. આ મુલાકાત અમેરિકાના કહેવાથી યોજવામાં આવી હોવાનું કહેવાય છે, પરંતુ હજુ સુધી કંઈ સ્પષ્ટ નથી. કેનેડાએ કેટલાક મિડલ ઈસ્ટના દેશો સાથે પણ વાત કરી છે અને ભારત પર પ્રેશર લાવવા માટે પ્રયાસ કર્યો છે.

### ભારતે કેનેડાને આ કેસની તપાસમાં સહયોગ આપવો જોઈએ



કેનેડાએ તાજેતરમાં પોતાના કેટલાક ડિપ્લોમેટને સિંગાપોર અને મલેશિયા જેવા દેશોમાં મોકલ્યા છે, પરંતુ ડિપ્લોમેટની સંખ્યા ઘટાડવાનું કામ હજુ પૂર્ણ નથી થયું. ભારતે ૧૦ ઓક્ટોબર સુધીમાં કેનેડાને પોતાના વધારાના ડિપ્લોમેટ હટાવવા કહ્યું હતું. જોકે, હજુ પણ ભારતમાં કેનેડાના ડિપ્લોમેટની સંખ્યા વધારે હોવાની શક્યતા છે. આ દરમિયાન કેનેડાએ ભારતનો મુદ્દો અમેરિકા ઉપરાંત યુએઈ અને જોર્ડન સમક્ષ પણ ઉઠાવ્યો છે. હાલમાં મિડલ ઈસ્ટના દેશો હમાસ અને ઇઝરાયલના યુદ્ધ મામલે વ્યસ્ત છે ત્યારે કેનેડાએ ભારત પર દબાણ વધારવા માટે આ મામલે જોર્ડન અને યુએઈ સાથે વાત કરી છે. ભારતમાં ડિપ્લોમેટની મોટી સંખ્યા રાખવા માટે પણ એવું કારણ અપાય છે કે કેનેડામાં ૧૩ લાખ ભારતીયો વસે છે તેથી તેમના વિઝાને પ્રોસેસ કરવા વધારે સ્ટાફની જરૂર છે. ભારતમાં કેનેડાએ કેટલા ડિપ્લોમેટ રાખવા જોઈએ તે વિશે બંને દેશ વચ્ચે મતભેદ ચાલે છે. ભારતની દલીલ છે કે વિયેના એગ્રીમેન્ટ પ્રમાણે દેશોએ એકબીજાને ત્યાં ડિપ્લોમેટની સંખ્યા એક સરખી રાખવી જોઈએ. તેથી ભારતે કેનેડામાં જેટલા ડિપ્લોમેટને ગોઠવ્યા છે તેટલા જ અધિકારીઓ કેનેડાએ પણ ભારતમાં ગોઠવવા જોઈએ.







વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે ઉત્તરાખંડના પિથોરાગઢના જોલિંગકોંગ પહોંચ્યા હતા. અહીં તેમણે આદિ-કૈલાસની પૂજા પણ કરી હતી. આ દરમિયાન પીએમ મોદી સાથે ઉત્તરાખંડના સીએમ પુષ્કર સિંહ ધામી પણ હાજર હતા. અહીં તેમણે પાર્વતી કુંડમાં પૂજા અર્ચના કરી હતી. આ દરમિયાન પીએમ મોદીએ ડમરુ અને ઘંટ પણ વગાડ્યો હતો. અને આરતી પણ ઉતારી હતી.

### ગંગાજળ પર ૧૮ ટકા જીએસટીની આકરી ટીકા

## સરકારની લૂંટ અને પાખંડની પરાકાષ્ઠા, નરેન્દ્ર મોદી મણિપુર ક્યારે જશે : ખડગે

### કૉંગ્રેસે તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર મણિપુરની સ્થિતિનો એક મિનિટનો એનિમેટેડ વીડિયો પણ શેર કર્યો

। નવી દિલ્હી, તા.૧૨ ।

કૉંગ્રેસે ગંગાજળ પર કથિત રીતે ૧૮ ટકા જીએસટી લગાવવાના મોદી સરકારના નિર્ણયની આકરી ટીકા કરી હતી અને તેને લૂંટ તથા પાખંડની પરાકાષ્ઠા ગણાવી હતી. વડાપ્રધાન મોદીએ ગુરુવારે ઉત્તરાખંડની એક દિવસની મુલાકાત લીધી હતી જેના પર કૉંગ્રેસે સવાલો ઊઠાવ્યા હતા. કૉંગ્રેસે પૂછ્યું કે



પીએમ મોદી એ પણ જણાવી દો કે તમે મણિપુર ક્યારે જશો? કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેએ ટ્વિટર પર કહ્યું કે મોદીજી મોક્ષ આપનાર મા ગંગાનું મહત્ત્વ એક આમ ભારતીય માટે જન્મથી લઈને જીવનના અંત સુધી અત્યંત વધારે છે. આ સારું છે કે તમે આજે ઉત્તરાખંડમાં છો પણ તમારી જ સરકારે પવિત્ર ગંગાજળ પર જીએસટી લાદી દીધો છે એ પણ ૧૮ ટકા. તમે એક પણ વાર નથી વિચાર્યું કે એ લોકો પર શું અસર થશે જે પોતાના ઘરોમાં ગંગાજળ રાખવા માટે તેને ઓર્ડર કરીને મગાવે છે.

### નોર્થ ઈસ્ટ એક્સપ્રેસ દુર્ઘટનાની તપાસ શરૂ

## બિહાર રેલ દુર્ઘટનામાં કાવતરાની શંકા, અનેક પાટા તૂટેલા મળ્યા

### તપાસ દરમિયાન રેલવેના પાટા અનેક જગ્યાએ તૂટી આવેલાં મળ્યા હતા, પાટા સાથે છેડછાડ કરાઈ હોવાની આશંકા વ્યક્ત કરાઈ છે

। નવી દિલ્હી, તા.૧૨ ।

દિલ્હીના આનંદ વિહાર ટર્મિનલથી કામાખ્યા જતી નોર્થ ઈસ્ટ એક્સપ્રેસ દુર્ઘટના થયા બાદ તપાસ શરૂ થઈ ચૂકી છે. રેલવે બોર્ડે દુર્ઘટનાના તાત્કાલિક બાદ હાઈ લેવલની તપાસના આદેશ કર્યા હતા. તપાસ દરમિયાન રેલવેના પાટા અનેક જગ્યાએ તૂટી આવેલાં મળ્યા હતા. પાટા સાથે છેડછાડ કરાઈ હોવાની આશંકા વ્યક્ત કરાઈ છે. આ મામલે અધિકારીઓ અત્યાર સુધી કોઈપણ ટિપ્પણી કરતાં બચી રહ્યા છે. પણ શું આ દુર્ઘટનાનું કારણ કોઈ ટેક્નિકલ ખામી હતી? કે પાટા પર અવરોધ હતો કે ટ્રેન પસાર થાય તે પહેલાં જ પાટા તૂટેલાં હતા એ તમામ પોઈન્ટ પર તપાસ શરૂ કરી દેવામાં આવી છે. અત્યાર સુધીની તપાસમાં એ જાણવા મળ્યું કે બક્સરથી નીકળ્યાં બાદ નવ મિનિટમાં જ નોર્થ ઈસ્ટ એક્સપ્રેસ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી.




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદના વેપારીને નોકર પર ભરોસો રાખવો ભારે પડ્યો

। અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ શહેરમાં છેતર પિંડીના અનેક બનાવો સામે આવી રહ્યાં છે. ઓનલાઈન અથવા તો પૈસાની લેતી દેતીમાં થયેલી ઠગાઈના કિસ્સા શહેરમાં વધી રહ્યાં છે. ત્યારે વધુ એક ઠગાઈનો કિસ્સો શહેરમાં સામે આવ્યો છે. જ્વેલર્સની દુકાનના માલિકને વિશ્વાસમાં લઈને ૨૪.૧૦ લાખની કિંમતનું ૨૪ કેરેટ સોનું લઈને આરોપી ભાગી ગયો છે.વેપારીએ કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે જગદિશ ભાલાણી કાલુપુર ખાતે દાગીના બનાવવાનું કામ કરે છે અને વર્કશોપ ધરાવે છે. તેમની ફરિયાદ પ્રમાણે તેમની વર્કશોપમાં પગારદાર તરીકે કારીગરો કામ કરે છે. જેમાંના પશ્ચિમ બંગાળનાકારીગર સૈફુલ શેખને છેલ્લાં દસ વર્ષથી વર્કશોપ ખાતે પગારદાર તરીકે નોકરી પર રાખ્યો છે. સૈફુલને તેઓ સોનાના દાગીના બનાવવા માટે ૨૪ કેરેટનું શુધ્ધ સોનું આપતા હતા.

### સાણંદના ઝાપ ગામે નારીશક્તિએ જગાવી સ્વચ્છતાની મશાલ

। અમદાવાદ, તા.૧૨ ।

સાણંદ તાલુકાના ઝાપ ગામે કાર્યરત ’જય ચામુંડા સ્વસહાય જૂથ’ની મહિલાઓ દરરોજ સવારે ઝાપ ગામના રોડ રસ્તાઓ, મુખ્ય ચોક, તળાવનો કિનારો વગેરે જાહેર જગ્યાઓ સહિત તમામ સ્થળોની સફાઈ કરે છે. આ સખી મંડળના ત્રણેય બહેનો ગામની સાફ-સફાઈ કરી રૂપિયા ૩૦૦૦નું માસિક વેતન મેળવે છે. આપણા દેશમાં મહિલાઓ ઘરના ફળિયાથી માંડી રસોડા સુધી ઘરના ખૂણે-ખૂણે સ્વચ્છતાની તકેદારી રાખતા જ હોય છે. પરંતુ અહીં અમદાવાદના સાણંદ તાલુકાના એક એવા ગામની મહિલાઓની વાત છે જેમનો સ્વચ્છતા યજ્ઞ માત્ર તેમના ઘર પૂરતો સીમિત નથી. તેમણે સમગ્ર ગામની સ્વચ્છતાને જ પોતાનો ધર્મ અને પોતાનું કર્મ બનાવી દીધું છે. સાણંદ તાલુકાના ઝાપ ગામે કાર્યરત ‘જય ચામુંડા સ્વસહાય જૂથ’ની મહિલાઓ દરરોજ સવારે ઝાપ ગામના રોડ રસ્તાઓ, મુખ્ય ચોક, તળાવનો કિનારો વગેરે જાહેર જગ્યાઓ સહિત તમામ સ્થળોની સફાઈ કરે છે. આ સખી મંડળના ત્રણેય બહેનો ગામની સાફ-સફાઈ કરી રૂપિયા ૩૦૦૦નું માસિક વેતન મેળવે છે. મંગુબેન અમરશીભાઈ, શારદાબેન મનુભાઈ અને લીલાબેન બુધાભાઈ નામની આ ત્રણેય મહિલાઓની સ્વચ્છતાની કામગીરીની જિલ્લા સ્તર પર નોંધ લેવાઈ છે.

### ભારત પાકિસ્તાનની મેચ જોવા આવશે

# રજનીકાંત અને અમિતાભ, અરિજીત સિંહ પરફોર્મ કરશે

### મેચ જાહેર થઇ તે દિવસથી જ મેચના દિવસ દરમિયાન હોટલના ભાડામાં પાંચ થી દસ ગણો વધારો કરનાર હોટલોએ અચાનક જ ભાડામાં ધરખમ ઘટાડો કર્યો છે

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૪ ઓક્ટોબર, શનિવારના રોજ રમાનારી મેચને લઈને કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ભારતીય ટીમ આજે અમદાવાદ પહોંચશે જ્યારે પાકિસ્તાનની ટીમ બુધવારે અમદાવાદ પહોંચી હતી.

અગાઉ ભારતીય ઓપનર શુભમન ગિલ પણ અમદાવાદ પહોંચી ચૂક્યો છે. ભારતીય ટીમ ITC નર્મદા હોટેલમાં રોકાશે. ભારત-પાકિસ્તાન મેચના દિવસે અમદાવાદમાં સચિન તેંડુલકર, રજનીકાંત અને અમિતાભ બચ્ચન જેવા દિગ્ગજો હાજર રહેશે. મેચ પહેલા બૉલિવૂડના સિંગર અરિજીત સિંહ પરફોર્મ કરશે. પાકિસ્તાનની ટીમ હયાત હોટલમાં રોકાઈ છે. અહીં પોલીસનો સઘન



બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. હોટલમાં આવનાર દરેક મુલાકાતીઓની નોંધણી કરવામાં આવી રહી છે. બુધવારે રાતે પોલીસ કમિશનરે પણ હોટલની મુલાકાત લીધી હતી. પાકિસ્તાનની ટીમ આજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રેક્ટિસ માટે જશે. મેચ દરમિયાન પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવશે. 21 DCP, 47 ACP, 131 PI, 369 PSI સહિત સાત હજાર પોલીસ કર્મચારીઓ ખડેપગે રહેશે. જ્યારે ચાર હજારથી વધુ હોમગાર્ડ પણ સુરક્ષામાં તૈનાત રહેશે. NSG, NDRF અને SDRF પણ સુરક્ષા વ્યવસ્થામાં જોડાશે. ભારત અને પાકિસ્તાન મેચ પહેલા જ અમદાવાદ અને ગાંધીનગરની હોટલ માલિકોનો એક મોટો ખેલ ખુલ્લો પડી ગયો હતો.

અમદાવાદની મેચ જાહેર થઈ તે દિવસથી જ મેચના દિવસ દરમિયાન હોટલના ભાડામાં પાંચ થી દસ ગણો વધારો કરનાર હોટલોએ અચાનક જ ભાડામાં ધરખમ ઘટાડો કર્યો છે. અમદાવાદની ટોચની હોટલોએ ભાડામાં ૧૦ થી ૩૦ હજાર સુધીનો ઘટાડો કર્યો હતો. ૧૩ અને ૧૪ ઓક્ટોબરે અમદાવાદની હોટલ હાઉસફૂલ થઈ ગઈ હોવાની વાતો ખોટી સાબિત થઈ હતી. અનેક લોકોએ તે જ ડરથી મોંઘા ભાવે હોટલો બુક કરાવી દીધી પરંતુ હવે તાજ ઉમેદ હોટલે ૧૦ હજાર, કામા હોટલે ૨૦ હજાર, તો લેમન ટ્રી હોટલે ૩૦ હજાર રૂપિયા સુધીનું રૂમ ભાડું ઘટાડ્યું છે. રૂમ ભાડું ઘટાડવા પાછળનું બહાનું કેટલાક ક્રિકેટ ચાહકોને મેચની ટિકિટ ન મળતાં કેટલાક રૂમ કેન્સલ થયા હોવાનું ગણાવાઈ રહ્યું છે.

અમદાવાદમાં ભારત પાકિસ્તાનની મેચ પહેલા પોલીસે મોટી કાર્યવાહી કરી હતી. અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચની ૧૫૦ બનાવટી ટિકિટ સાથે એક આરોપીની અટકાયત કરી હતી. નોંધનીય છે કે વર્લ્ડકપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૪ ઓક્ટોબરના રોજ અમદાવાદમાં મેચ રમાશે.

### શું ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચમાં રમશે શુભમન ?

ભારત અને પાકિસ્તાન વચ્ચે શનિવારે અમદાવાદમાં મેચ રમાશે. વર્લ્ડ કપ ૨૦૨૩ની આ મેચની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ટીમ ઈન્ડિયાનો ઓપનર શુભમન ગિલ પ્રથમ બે મેચમાં રમી શક્યો નહોતો. ડેન્ગ્યુના કારણે તે બહાર રહ્યો હતો. પરંતુ હવે તેઓ અમદાવાદ પહોંચી ગયો છે. જોકે, હાલમાં શુભમનના રમવા અંગે કોઈ માહિતી સામે આવી નથી. શુભમન ગિલ બુધવારે રાત્રે ચેન્નઈથી અમદાવાદ પહોંચ્યો હતો. પરંતુ ભારત-પાકિસ્તાન મેચમાં તેના રમવા અંગે કોઈ માહિતી બહાર આવી નથી. જો ગિલ ફિટ થશે તો તેને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળી શકે છે. ભારતીય ટીમે વર્લ્ડ કપ ૨૦૨૩ની પોતાની પ્રથમ મેચ ઓસ્ટ્રેલિયા સામે ચેન્નઈમાં રમી હતી. તમિલનાડુ ક્રિકેટ એસોસિએશનના અધિકારીઓએ જણાવ્યું કે ગિલના પ્લેટલેટ કાઉન્ટ ઓછા હતા. આ કારણોસર તે ભારતીય ક્રિકેટ ટીમ સાથે દિલ્હી ગયો ન હતો. તે સીધો અમદાવાદ પહોંચી ગયો છે. પરંતુ તેઓ પહેલા કરતા સ્વસ્થ અનુભવી રહ્યો છે.

### હોટેલ દ્વારા તૈયાર કરવામાં આવ્યું સ્પેશિયલ મેનુ

# પાકિસ્તાનની ટીમને ગુજરાતી થાળી અને પાત્રા પિરસાશે

। અમદાવાદ, તા.૧૨ ।

પાકિસ્તાનની ટીમ અમદાવાદ આવી ચુકી છે. અમદાવાદના આશ્રમ રોડ પર આવેલી હોટલ હયાત રેજન્સીમાં ટીમ રોકાઈ છે. સૌ પ્રથમ તો આપને જણાવી દઈએ કે, જો તમે ૧૧ ઓકટોબરથી ૧૫ ઓકટોબર સુધી અમદાવાદના આશ્રમ રોડ વિસ્તારની આ હોટલમાં રોકાવાના હોવ તો તમારે પ્રવેશ લેતી વખતે લાયસન્સ અને આધારકાર્ડ હાથ પર રાખવું પડશે. હોટલ પ્રવેશ પર દરેક વ્યક્તિનું આધાર કાર્ડ અને ડ્રાઈવરનું લાયસન્સ ચેકીંગ આજથી શરુ કરવામાં આવ્યું છે. સિક્યોરીટી એજન્સીની તમામ વ્યવસ્થાની સાથે દરરોજ હોટલનું ફુલ ચેકિંગ થશે.અમદાવાદના હોટલ હયાત રેજન્સીમાં જે ભોજન બને છે તેમાં શાકભાજી અને ફળો સીધા જ ખેતરમાંથી આવે છે. આ સાથે ઓર્ગેનિંક ખેતીથી પકવેલાં શાકભાજીનો ઉપયોગ કરવામાં આવી છે ત્યારે પાકિસ્તાનની ટીમને ગુજરાતી થાળી સાથે ઢોકળા અને પાત્રા પિરસવામાં આવશે. આ અંગે હોટલના એક્ઝિક્યુટિવ શેફ સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે, પાક ટીમ માટે ૧૧ થી ૧૫ તારીખ સુધી તેમનાં શરીરને અનુરુપ અને ડાયટીશીયન સાથે વાત થયા બાદ મુજબ ભોજન પિરસાશે. તેમના દ્વારા એવાકાડોની ડિમાન્ડ કરવામાં આવી છે. સાથે પાંદડાવાળા શાકભાજી પહેલી પસંદ હોવાનુ પણ જણાવ્યું છે. બ્રેકફાસ્ટમાં બાફેલો ખોરાક અને ઓરેન્જ જ્યુસ પીરસાશે મોટાભાગે જે પણ પિરસવામાં આવે તે હેલ્ધી અને વેજેટેરિયન ફુડ પીરસાશે. ટીમ માટે ડિનરમાં કબાબ અને બિરયાની પણ તૈયાર કરવામાં આવ્યા છે. આ સિવાય મેચ પુરી થાય બાદ ટીમ હારે કે જીતે તે નક્કી નથી પરંતુ હોટલ દ્વારા કેક બનાવવામાં આવ્યો છે. ટીમ હારે તો પણ ટીમમાં જે ખેલાડીએ સારું પર્ફોમન્સ કર્યુ હશે તે માટે કેક બનાવવામાં આવે અને જો ટીમ જીતે તો જીત માટે અલગ કેક બનાવવામાં આવશે.

### કેનેડાથી પરત ફરતા બેંક કર્મચારીની કરાઈ ધરપકડ

# મહાલક્ષ્મી મર્કન્ટાઇલ બેંકમાં છેતરપિંડીના કેસમાં આરોપી ઉમેશ કંસારાની ધરપકડ કરાઇ

। વડોદરા, તા.૧૨ ।

આ કાંડમાં બેંકના પૂર્વ જનરલ મેનેજર સુરેશ પટેલ અને આસિસ્ટન્ટ જનરલ મેનેજર યતીન જોશી સામે પણ ફરિયાદ નોંધાઈ છે. ત્રણેય શખ્સોએ મળીને છેતરપિંડી આચરી હોવાનો આરોપ છે. જે બાદ નવા ચેરમેનના ધ્યાને આવતા ૩૦ જૂને ત્રણેયને કામ પરથી છૂટા કરી દીધા હતા. વડોદરાના ડભોઈમાં આવેલી મહાલક્ષ્મી મર્કન્ટાઈલ બેંકમાં છેતરપિંડીના કેસમાં આરોપી ઉમેશ કંસારાની ધરપકડ કરાઈ છે. આરોપી કેનેડાથી પરત ફરતા દિલ્લી એરપોર્ટ પરથી ઝડપાઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે, મહાલક્ષ્મી મર્કન્ટાઈલ બેંકના ૨ ખાતેદારો સાથે છેતરપિંડી થઈ હતી. ૨ ખાતેદારોના ખોટા ચેક રજૂ કરીને ખોટી સહીથી રૂપિયા ૩.૧૫ કરોડ પચાવી પાડ્યા હતા. આ કાંડમાં બેંકના પૂર્વ જનરલ મેનેજર સુરેશ પટેલ અને આસિસ્ટન્ટ જનરલ મેનેજર યતીન જોશી સામે પણ ફરિયાદ નોંધાઈ છે. ત્રણેય



શખ્સોએ મળીને છેતરપિંડી આચરી હોવાનો આરોપ છે. જે બાદ નવા ચેરમેનના ધ્યાને આવતા ૩૦ જૂને ત્રણેયને કામ પરથી છૂટા કરી દીધા હતા.

બેંકના મેનેજર ગૌરાંગ પંચોલીએ આ સમગ્ર બાબતે પોલીસમાં ફરિયાદ કરી છે. ઉમેશ કંસારા તો ઝડપાઈ ગયો છે. ત્યારે યતીન જોશી આગોતરા જામીન પર હાજર થયો હતો. અન્ય એક પૂર્વ મેનેજર સુરેશ પટેલ વિદેશ હોવાથી તેને પકડવા તજવીજ હાથ ધરાઈ છે.

### પાર્કિંગ ફ્રી હશે તેમને કોઈપણ પ્રકારનો ટેક્ષ લાગશે નહીં

# પાર્કિંગ સ્થળની ટેક્સ આકારણી અંગે સેંકડો લોકોને અસર કરતો AMCનો મોટો નિર્ણય

### રેવન્યુ કમિટીની બેઠકમાં સેંકડો લોકોને અસર કરતો મહત્વનો નિર્ણય લેવાયો છે

। અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ શહેરમાં પાર્કિંગ સ્થળની ટેક્સ આકારણી અંગે છસ્ઝની રેવન્યુ કમિટીની બેઠકમાં મોટો નિર્ણય લેવાયો છે. અત્યાર સુધી અનિશ્ચિતતા ધરાવતી નિતીને સત્તાવાર મંજૂરી અપાઈ છે. વાર્ષિક, અર્ધ વાર્ષિક, માસિક કે ત્રિ-માસિક પાર્કિંગ ફી વસુલતા એકમો પર હવેથી પ્રોપ ર્ટી ટેક્સ લાગશે. જો પાર્કિંગ ફ્રી હશે તેમને કોઈપણ પ્રકારનો ટેક્ષ લાગશે નહીં. વર્ષોથી કરદાતાઓમાં પ્રવર્તિ રહેલી અનિશ્ચીતતાનો



હવે અંત આવશે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, શહેરમાં પાર્કિંગ સ્થળની ટેક્ષ આકારણી અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રેવન્યુ કમિટીની બેઠકમાં સેંકડો લોકોને અસર કરતો મહત્વનો નિર્ણય લેવાયો છે. અત્યાર સુધી અનિશ્ચિતતા ધરાવતી નીતિને સત્તાવાર મંજૂરી આપવામાં આવી હતી. વાર્ષિક, અર્ધ વાર્ષિક, માસિક કે ત્રિ માસીક પાર્કિંગ ફી વસુલતા એકમો પર હવેથી પ્રોપર્ટી ટેક્સ લાગશે. એએમસીએ જણાવ્યું છે કે જે પાર્કિંગ ફ્રી હશે એમને કોઈપણ પ્રકારનો ટેક્ષ લાગશે નહી. રેવન્યુ કમિટી ચેરમેને આ વિશે જણાવ્યું હતું કે, સિનેમા, કન્ટ્રક્શન, મોલ સહીતના એકમોને આ નિર્ણયનો મોટો ફાયદો થશે. ફ્રી પાર્કિંગ આપવા રહેઠાણમાં શેડ રાખવામાં આવશે તો ટેક્ષ લાગશે નહી, પણ શેડ કાયદેસર હોવો જોઈએ. ગેરકાયદેસર શેડ હશે તો એસ્ટેટ વિભાગ નિયમ મુજબની કાર્યવાહી કરી શકશે. વર્ષોથી કરદાતાઓમાં પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાનો અંત આવશે.

## વિશેષ લેખ

### કાગડાઓ પર્યાવરણ માટે આશીર્વાદરૂપ પૂરવાર થયાં છે । પ્રકૃતિના સફાઈ કામદાર “કાગડો” શ્રાદ્ધ પક્ષમા વી.આઈ.પી.બની જાય છે

# પ્રકૃતિના સફાઇ કામદાર કાગડાનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ રહ્યું છે



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ





કાળો, કર્કશ અવાજવાળું પક્ષી, જેનું નામ સાંભળતાં જ સુગ ચડે તેવું અપ્રિય અને હડધૂત થયેલા પક્ષી ‘‘કાગડા’’ વિશે બહુ ઓછું લખાયું છે. જો કે ઈશ્વરે પૃથ્વી પરના તમામ સજીવો માટે ઓછામાં ઓછા એક દિવસ માટે પણ મહત્વ તો આપ્યું છે. જ્યારે કાગડાને તો શ્રાધ્ધના દિવસોમાં ૧૫ દિવસ વિશેષ મહત્વ આપવામાં આવેછે. ભાદરવાના ૧૫ દિવસોમાં કાળો કાગડો વી.આઈ.પી. કાગડોબની જાય છે. હા, વાત પણ સાચી છે. શ્રાધ્ધ પક્ષમાં કાગડાભાઈનાં માનપાન વધી જાય છે. છાપરે, અગાસી પર ખીર, રોટલી તથા અન્ય પકવાનોનો કાગવાસ ધરાવવામાં આવે છે. કાગડા દેખાતા ન હોય તો પણ અવાજ નાંખીને શોધીને તેને માનભેર બોલાવવામાં આવે છે. આ શ્રાધ્ધના પંદર દિવસ અપ્રિય કાગડો લોકો માટે પ્રિય બની જાય છે. કારણ કે હિન્દુઓને કાગડામાં પોતાના પિતૃઓનાં દર્શન થાય છે. આ દિવસે હિન્દુઓ, શ્રધ્ધાળુઓ કાગડા નામના પક્ષીને નહિ પરંતુ કાગડા સ્વરૂપે પધારેલ આપણા પૂર્વજો, પિતૃઓના આત્માની શાંતિ, તૃપ્તિ માટે ભાવપૂર્વક જમાડે છે. જો કે શ્રાધ્ધના દિવસો પૂરા થયા પછી એ જ કાગડાને વર્ષ દરમિયાન હડધૂત કરી દઈએ છીએ.કાગડા પિતૃ સ્વરૂપે પૃથ્વી પર આવે છે કે નહીં એ તો ભગવાન જાણે..

પણ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ કાગડો પ્રકૃતિના સફાઈ કામદાર તરીકેનું કામ કરે છે. ઘરોમાંથી બહાર ફેંકાયેલું એઠું હોય કે રોડ પર કે જાહેર રસ્તા પર અકસ્માતથી છૂંદાઈ ગયેલું કૂતરું, બિલાડું, કે ભૂંડ હોય, કાગડાનાટોળાં તેની મિજબાની કરવા એકી સાથે કાગારોળ મચાવતા ઊતરી આવતા હોય છે અને ગણતરીના કલાકોમાં ગૂંથાયેલા દેહમાંથી ખોરાક મેળવી મિજબાની પૂરી કરી બધું સફાચટ કરી નાંખે છે. એટલું જ નહીં ખેતરમાં હાનિકારક જીવડાં પણ કાગડા ઓહિયા કરી જાય છે. આ કાગડા પર્યાવરણ માટે આશીર્વાદરૂપ પૂરવાર થાય છે. ચિંતાની વાત એ છે કે હવે કાગડાની સંખ્યા ઘટી રહી છે. પ્રકૃતિના આ સફાઈ કામદારોની સંખ્યા ઘટતી જોવા મળે છે. રોજ સવારે આંગણે આવીને મહેમાન આવવાની દુહાઈ દેતા કાગડા હવે અગાસી કે પરસાળમાં જોવા મળતાં નથી. ઊંચા ઝાડ ઉપર કાગડાના માળા પણ ખાસ જોવા મળતા નથી. આમ પ્રકૃતિના પર્યાવરણના સફાઈ કામદાર કાગડાનું અસ્તિત્વ જોખમમાં મુકાવા માંડ્યું છે. જો કે આ કાગડો પણ ગજબનું પક્ષી છે. લોકોથી તે ભલે હડધૂતથયો હશે પરંતુ કાગડાનું સાહિત્યમાં, ધર્મમાં વિશેષ સ્થાન, મહત્વ જરૂર છે. અપશુકન કરાવનાર, હલ્કા સ્ત્રીપુરુષ માટે ખાસ વિશેષણ ‘‘કાગડો’’ કે ‘‘કાગડી’’ શબ્દથી નવાજવામાં આવે છે. ‘‘કાગડા...કાગડા કઢી પીવા આવ...’’ એવી પંક્તિ વારંવાર ઉચ્ચારાય છે પણ કાગડો કઢી પીવે છે કે નહિ તે તો રામ જાણે. બીજી એક કહેવત કોઈ સુંદર સ્ત્રીને કોઈ સામાન્ય કદરૂપી વ્યક્તિ પરણી લઈ જાય તો લોકો કટાક્ષમાં બોલે છે કે : ‘‘કાગડો દહીંથરૂં લઈ ગયો...’’

બાળકોની વાર્તાઓમાં ચતુર કાગડાની શિયાળ, પૂરીની વાર્તા જરૂરયાદ આવે...તો કટાક્ષમાં...કાગડા બધે જ કાળા’’ એ કહેવત પણ પ્રચલિત છે. અને સામાન્ય રીતે ઉત્તર, દક્ષિણ ધ્રુવ ઉપરાંત, દક્ષિણ અમેરિકા, ન્યૂઝિલેન્ડ અમુક પેસિફિક ટાપુઓને બાદ કરતાં દુનિયાના લગભગ બધા જ દેશોમાં આ પક્ષીની હાજરી ઓછાવત્તાપણે જોવા મળે છે. કાગડો સામાન્ય રીતે કોઈના ઘરોમાં માળો બાંધતો નથી પરંતુ ઝાડ ઉપર ઊંચાઈએ બાંધે છે. ઘર સજાવવામાં કાગડાઓ બહુ આળસુ છે. કાગડો સાવ ઢંગધડા વગરનો માળો બનાવે છે.જેમાં નાનકડી સળીના ટુકડા, પ્લાસ્ટિકના ટુકડા, પાંદડા વગેરે ભેગા કરી માળો બનાવે છે. જેમાં કાગડી એક સાથે ત્રણથી પાંચ ઈંડા મૂકે છે. તેમાંથી બચ્ચાંબહાર આવે પછી કાગડો-કાગડી તેની સંભાળ લે છે. વાસ્તવમાં કાગડા પરિવારમાં કુટુંબભાવના ઘણી સારી વિસ્તરી છે. આ જાત સંપીલી હોય છે. તેઓ હંમેશા ટોળામાં જ જોવા મળે છે. એક કાગડો મરી જાય તો કાગારોળ કરતાં આખી કાગડાની જમાત ભેગી થઈ જાય છે. હવે આ જમાત, ટોળાં, ક્રમશઃ અદશ્ય થઈ રહ્યા છે. કદાચ ખોરાકનાઅભાવે, કાગડાનું અસ્તિત્વ જોખમમાં મુકાવા માંડ્યું છે.લોકો કાગડાને ગાંઠિયા, બિસ્કિટ, ફરસાણ વગેરે ખવડાવે છે એનાથી એનું આરોગ્ય જોખમાંઈ રહ્યું છે. આપણે સૌએ કુદરતના આ સફાઈ કામદાર કાગડાનું જતન કરવાની આપણા સૌની ફરજ છે.જો કાગડા નહીં હોય તો એક દિવસ આપણું અસ્તિત્વ જોખમાઈ જશે.



### માતા-પિતાએ તેને સ્ટૂડન્ટ વિઝા પર યુકે મોકલી । મધ્યમ વર્ગના મા-બાપ પણ પોતાના સંતાનોને વગર કંઈ લાંબુ વિચાર્યે વિદેશ મોકલવા લાગ્યા

# સંતાનને વિદેશ ભણવા કેમ મોકલે છે મધ્યમ વર્ગના મા-બાપ ?

**જ્યારે વાત ભણવાની સાથે જોબ શોધવાની આવે ત્યારે ભલભલાને દિવસે તારા દેખાઈ જતા હોય છે, અને જો તેમને ક્યાંક નાની-મોટી જોબ મળી જાય તો પણ મોટાભાગના કેસમાં તેમને ઓછા પગારમાં કામ કરી શોષણના ભોગ બનવું પડે છે. કોઈ રેસ્ટોરાંમાં વેઈટરની જોબ માટે વેકેન્સી હોય તો પણ લોકોની લાઈન લાગી જતી હોય છે. વિદેશમાં અભ્યાસ કરતાં મિત્તલ જેવા ઘણા સ્ટૂડન્ટ્સે પોતાની વ્યથા શેર કરી છે, તેમાંય યુકેમાં ભણવા ગયેલા અમુક સ્ટૂડન્ટ્સનું તો ત્યાં સુધી કહેવું હતું કે રહેવા-જમવાના ખર્ચા સાથે કોલેજની ફી ભરવાનું પોસાતું ના હોવાના કારણે તેમણે ચાર-છ મહિનામાં જ ભણવાનું છોડી દેવાની પણ ફરજ પડી હતી**

એક સમય હતો કે જ્યારે મા-બાપ પોતાના સંતાનને હોસ્ટેલમાં મોકલતા પણ અચકાતા હતા, પણ ધીરે-ધીરે ગ્રેજ્યુએટ થઈ ગયેલા પોતાના સંતાનને વિદેશમાં મોકલવાનું ચલણ શરૂ થયું અને છેલ્લા ચાર-પાંચ વર્ષમાં તો બાળક બારમું ધોરણ પાસ કરે તે સાથે જ તેને વિદેશ મોકલવાનો જાણે એક નવો જ ટ્રેન્ડ ગુજરાતમાં શરૂ થયો છે. પહેલા ધનવાન કુટુંબના સંતાનો જ વિદેશ ભણવા જતા હતા, પરંતુ એજ્યુકેશન લોન લેવાનું જેમ-જેમ દિવસેને દિવસે સરળ થતું ગયું તેમ-તેમ મધ્યમ વર્ગના મા-બાપ પણ પોતાના સંતાનોને વગર કંઈ લાંબુ વિચાર્યે વિદેશ મોકલવા લાગ્યા અને લોકોનું જોઈને બાળકો પર પણ વિદેશ જવાનું પ્રેશર વધવા લાગ્યું. જોકે, સવાલ એ છે કે પોતાના બાળકોને ૨૦-૨૫ લાખ રૂપિયાનો ધરખમ ખર્ચો કરીને વિદેશ ભણવા મોકલતા મા-બાપ ખરેખર તેમને ભણવા જ મોકલે છે? તેનો જવાબ છે નાપ જો ભણવું જ હોય તો આપણા દેશમાં પણ ઘણી સારી સરકારી અને પ્રાઈવેટ કોલેજો તેમજ યુનિવર્સિટી ઉપલબ્ધ છે જ, અને જે લોકો વિદેશ ભણવા જાય છે તે ખુદ પણ કહે છે કે આપણા દેશનું એજ્યુકેશન વિદેશ કરતાં ઘણું સારૂં છે. તેવામાં સ્વાભાવિક છે કે ભણવા માટે વિદેશ જતાં લોકોનો વાસ્તવિક ગોલ ત્યાં જઈ પૈસા કમાવવાનો હોય છે, અને તેમના મા-બાપની પણ તેમાં સંમતિ હોય છે. જે સ્ટૂડન્ટ્સ દર વર્ષે યુકે, કેનેડા, અમેરિકા કે પછી ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ જેવા દેશોમાં જાય છે તેમાંના મોટાભાગનાને વિદેશ મોકલવા માટે તેમના મા-બાપે લાખો રૂપિયાની લોન લીધી હોય છે. પોતાનું સંતાન વિદેશ જવાની તૈયારી કરતું હોય ત્યારે તો મા-બાપ પૈસાની કોઈ વાત નથી કરતા, પરંતુ વિદેશની ધરતી પર પહોંચ્યાના ચાર-છ મહિના થઈ જાય પછી આડકતરી રીતે સ્ટૂડન્ટ્સ પર ઘરે પૈસા મોકલવાનું પ્રેશર વધવા લાગે છે. લંડનમાં રહેતી એક ગુજરાતીએ પોતાનો અનુભવ શેર કર્યો હતો, તેનું પણ કંઈક આવું જ કહેવું હતું. મિત્તલ (નામ બદલ્યું છે) નામની આ યુવતી ૧૨મું ધોરણ પાસ થઈ ત્યારબાદ ૨૦૨૨માં તેના માતા-પિતાએ તેને સ્ટૂડન્ટ વિઝા પર યુકે મોકલી હતી અને તેના માટે તેમણે લગભગ ૨૧ લાખ રૂપિયા જેટલો ખર્ચો કર્યો હતો, અને આ ખર્ચો કાઢવા તેમણે એજ્યુકેશન લોન લીધી હતી. મિત્તલના પિતા એક સામાન્ય જોબ કરે છે, અને તેમનો પગાર મહિને માંડ પચાકેસ હજાર રૂપિયાની આસપાસ છે. મિતલના પિતાએ તેની સાથે ક્યારેય લોનના હપ્તા ભરવા અંગે વાત નહોતી કરી, પરંતુ મિત્તલના યુકે ગયાના છએક મહિનામાં જ આડકતરી રીતે તેના પર ઘરે પૈસા મોકલવાનું પ્રેશર વધવા લાગ્યું હતું. લંડનમાં મિત્તલની લાઈફ જરાય આસાન નહોતી, તેને ભણવામાં વધારે રસ હતો પરંતુ કોલેજની સાથે જોબ કરવું તેના માટે મુશ્કેલ હતું. એટલું જ નહીં, લંડનમાં પાર્ટ ટાઈમ જોબ શોધવાનું કામ મિત્તલ માટે લોઢાના ચણા ચાવવા બરાબર હતું, કારણકે તેણે ઈન્ડિયામાં તો ક્યારેય કોઈ નોકરી કરી જ નહોતી. મિત્તલ લંડન પહોંચી તેના ત્રણેક મહિના બાદ તેને અલગ-અલગ જગ્યાએ અમુક કલાકો માટે કામ મળતું હતું, પરંતુ તેનાથી તેને લંડનના ખર્ચા કાઢવામાં પણ તકલીફ પડતી હતી અને ઘરેથી પૈસા મગાવવાની નોબત આવતી હતી. તો બીજી તરફ, મિત્તલના મા-બાપની ગણતરી એવી હતી કે છોકરી યુકે પહોંચ્યા બાદ દર મહિને ઘરે પૈસા મોકલશે, પરંતુ ખરેખર તો તેમને દીકરીને પૈસા મોકલવા પડી રહ્યા હતા. ચારેક મહિના સુધી દીકરીને પૈસા મોકલ્યા બાદ મિત્તલના પિતા માટે લોનના હપ્તા ભરવાની સાથે લંડન પૈસા મોકલવાનું ખૂબ જ મુશ્કેલ બની રહ્યું હતું, અને આખરે એક દિવસ મિત્તલની મમ્મીએ જ તેને કહી દીધું હતું કે હવે ઘરેથી પૈસા મગાવી તારા પપ્પાનું ટેન્શન ના વધારીશ. મિત્તલ પણ તેના ઘરની સ્થિતિ બરાબર સમજતી હતી, પરંતુ ભણવા માટે યુકે ગયેલી અમદાવાદની આ છોકરી પણ હવે બરાબરની ફસાઈ હતી. ઘરેથી તે પૈસા મગાવી શકે તેમ નહોતી અને લંડનમાં તેને કોઈ સરખી જોબ પણ નહોતી મળતી. સપ્ટેમ્બર ૨૦૨૨માં યુકે ગયેલી મિત્તલને લગભગ છએક મહિના બાદ એક સ્ટોરમાં જોબ મળી હતી, પરંતુ ત્યાં તેને કામકાજના કલાકો અને સેલેરી એટલા ઓછા મળતા હતા કે ઘરે પૈસા મોકલવાનું તેના માટે કોઈ હિસાબે શક્ય નહોતું. તો બીજી તરફ હવે તેના મા-બાપની ધીરજ પણ ખૂટી રહી હતી, અને પૈસા બાબતે ક્યારેક તો મિત્તલને તેના મમ્મી-પપ્પા સાથે ઝઘડા પણ થઈ જતા હતા. તેવામાં એક દિવસ તેની મમ્મીના મોઢામાંથી નીકળી ગયું હતું કે અમને તો એમ હતું કે તું યુકે જઈને મહિને એકાદ લાખ રૂપિયા ઘરે મોકલતી થઈ જઈશ, પણ અત્યારસુધી તે એક રૂપિયો પણ નથી મોકલ્યો. માતાના મોઢે આ વાત સાંભળી મિત્તલને ધ્રાસ્કો લાગ્યો હતો, અને તેણે પણ સામે સવાલ કર્યો હતો કે તમને એવું કોણે કહ્યું કે વિદેશમાં ભણવા જતાં છોકરા મહિને લાખ રૂપિયા ઘરે મોકલે છે? મિત્તલની મમ્મી પાસે દીકરીએ પૂછેલા આ સવાલનો જવાબ તો નહોતો, પણ આવી સ્થિતિનો સામનો કરનારી મિત્તલ કંઈ એકમાત્ર છોકરી નથી. યુકે હોય કે કેનેડા, દેવું કરીને વિદેશ ભણવા જતાં ઘણા સ્ટૂડન્ટ્સને આવી જ સ્થિતિનો ક્યારેકને ક્યારેક તો સામનો કરવાનો આવે જ છે.



## ન્યૂઝ બ્રિફ

### ૨૦૨૧માં કબડ્ડી ટૂર્નામેન્ટ બાદ સિદ્ધુ મુસેવાલની હત્યાની યોજના ઘડાઈ



। અમૃતસર, તા.૧૨ ।

પંજાબી સિંગર સિદ્ધુ મૂસેવાલાની હત્યા કેસમાં ૧૭ મહિના બાદ સૌથી મોટો ખુલાસો થયો છે. આ ખુલાસો ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભત્રીજા સચિન થાપને કર્યો છે. સચિને મૂસેવાલાની હત્યાનું કારણ અને મૃત્યુની તારીખ નક્કી કરવાનો સમય અંગે પણ ખુલાસો કરી દીધો છે. સચિનના મતે કબડ્ડી કપ ૨૦૨૧માં યોજાયો હતો. આ ઘટના મૂસેવાલાની હત્યાનું કારણ બની હતી. આ કાર્યક્રમનું આયોજન બંબીહા ગેંગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પછી જ હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. સચિને કહ્યું કે તે આ દરમિયાન જેલમાં હતો પરંતુ તેને ખબર પડી ગઈ હતી કે મૂસેવાલાની હત્યા કરવામાં આવશે. સચિનને અઝરબૈજાનથી ભારત લાવ્યા બાદ માનસા પોલીસ તેને પ્રોડક્શન વોરંટ પર લાવી હતી. સચિન થાપને જણાવ્યું કે તે ઓગસ્ટ ૨૦૨૧માં લોરેન્સ બિશ્નોઈ સાથે રાજસ્થાનની અજમેર જેલમાં બંધ હતો. તે દરમિયાન પંજાબમાં કબડ્ડી કપનું આયોજન થવાનું હતું. આ કબડ્ડી કપનું આયોજન બંબીહા ગેંગ દ્વારા કરવામાં આવ્યું હતું.

### દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ફેન્સ વચ્ચે છુટ્ટા હાથની મારામારી

। નવી દિલ્હી, તા.૧૨ ।

ODI વર્લ્ડ કપ ૨૦૨૩ ની ૯મી મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાઈ હતી. ભારતીય ટીમે આ મેચ ૮ વિકેટે જીતી લીધી હતી. આ દરમિયાન અરુણ જેટલી સ્ટેડિયમનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં સ્ટેન્ડ પર બેઠેલા પ્રશંસકો વચ્ચે જોરદાર અથડામણ જોવા મળી રહી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે મામલો માત્ર અથડામણ સુધી સીમિત નથી પરંતુ કેટલાક લોકો એકબીજાને મારવા લાગે છે. વાયરલ વીડિયોની વાત કરીએ તો એ જાણી શકાયું નથી કે ચાહકો વચ્ચે આ લડાઈ શા માટે થઈ. પરંતુ જો વીડિયોની વાત કરીએ તો સ્ટેન્ડ પર બેઠેલા ચાહકો અચાનક એકબીજાને મારતા જોવા મળે છે.



તાજમહેલ ખાતે એશિયન ગેમ્સ ૨૦૨૨ ગોલ્ડ મેડલ વિજેતા ભારતીય મહિલા ક્રિકેટ ટીમે એક ફોટો પોઝ આપ્યો હતો.

### ભારત-અફઘાન મેચનો વીડિયો વાયરલ

## કોહલીએ અફઘાનિસ્તાનના ખેલાડી નવીનને ટ્રોલ કરતા લોકોને અટકાવ્યા

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૯મી મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ હતી. અફઘાનિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતને ૨૭૩ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેને ભારતીય ટીમે માત્ર ૩૫ ઓવરમાં ૨ વિકેટના નુકસાન પર હાંસલ કરી અફઘાનિસ્તાનને ૮ વિકેટથી હરાવ્યું હતું. કેપ્ટન રોહિત શર્માએ ગઈકાલની મેચમાં શાનદાર સદી ફટકારી હતી. વિરાટે પણ શાનદાર ફિફ્ટી ફટકારી હતી. મેચ દરમિયાન એક ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં હાજર પ્રશંસકો અફઘાનિસ્તાનના ખેલાડી નવીન ઉલ હકને સતત ટ્રોલ કરી રહ્યા હતા.

### ભારતનું વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં વિજય અભિયાન

## ભારતે વન-ડે વર્લ્ડ કપમાં ૭મી વખત ૨૫૦થી વધારેનો ટાર્ગેટ હાંસલ કર્યો

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતીય ક્રિકેટ ટીમનું વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં વિજય અભિયાન ચાલુ છે. ભારતે બીજી મેચમાં અફઘાનિસ્તાનને ૮ વિકેટે હરાવ્યું હતું. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં અફઘાનિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૨૭૨ રન બનાવ્યા હતા. કેપ્ટન હશમતુલ્લાહ શાહિદીએ ૮૦ રનની ઈનિંગ રમી હતી અને અઝમતુલ્લા ઉમરઝાઈએ ૬૨ રનની ઈનિંગ રમી હતી. જવાબમાં ભારતે ૩૫ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. ભારતે વન-ડે વર્લ્ડ કપમાં રેકોર્ડ સાતમી વખત ૨૫૦થી વધુ રનનો લક્ષ્ય સફળતાપૂર્વક હાંસલ કર્યો.

### ભારતે અફઘાન સામેની મેચમાં ૮ વિકેટે વિજય મેળવ્યો

## વિકેટ લીધા બાદ જસપ્રિત બુમરાહનું ફૂટબોલરની સ્ટાઈલમાં સેલિબ્રેશન

**બુમરાહે વિકેટ લીધા બાદ ઇંગ્લિશ ફૂટબોલર માર્કસ રેશફોર્ડની જેમ સેલિબ્રેટ કર્યું હતું, રેશફોર્ડ માન્ચેસ્ટર યુનાઈટેડ માટે રમે છે**

। નવી દિલ્હી, તા.૧૨ ।



ભારતે ગઈકાલે અફઘાનિસ્તાન સામે રમાયેલી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૯મી મેચમાં ૮ વિકેટથી જીત મેળવી હતી. ભારત તરફથી જસપ્રીત બુમરાહે જબરદસ્ત બોલિંગનું પ્રદર્શન કર્યું હતું. તેણે ૪ વિકેટ ઝડપી હતી. બુમરાહે વિકેટ લીધા બાદ ખાસ અંદાજમાં સેલિબ્રેટ કર્યું હતું. બુમરાહની આ સ્ટાઈલે ક્રિકેટમાં ફૂટબોલનો સ્વાદ ઉમેર્યો હતો. બુમરાહનો ફોટો ફૂટબોલ ક્લબ માન્ચેસ્ટર યુનાઈટેડ દ્વારા શેર કરવામાં આવ્યો છે. તેના પર ચાહકોની રસપ્રદ પ્રતિક્રિયા જોવા મળી હતી. બુમરાહે વિકેટ લીધા બાદ ઈંગ્લિશ ફૂટબોલર માર્કસ રેશફોર્ડની જેમ સેલિબ્રેટ કર્યું હતું. રેશફોર્ડ માન્ચેસ્ટર યુનાઈટેડ માટે રમે છે. તેની તસવીર માન્ચેસ્ટર યુનાઈટેડ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવી છે. તસવીરમાં બુમરાહની સાથે રેશફોર્ડ પણ જોવા મળી રહ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ સહિત ઘણી ટીમોએ આ ફોટો પર કોમેન્ટ કરી છે. ચાહકો તરફથી પણ રસપ્રદ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. દિલ્હીમાં રમાયેલી મેચમાં બુમરાહે ૧૦ ઓવરમાં ૩૯ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. તેણે ઈબ્રાહીમ ઝાદરાન, મોહમ્મદ નબી, નજીબુલ્લાહ અને રાશિદ ખાનની વિકેટ લીધી હતી. પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાનની ટીમે ૨૭૨ રન બનાવ્યા હતા. બુમરાહની સાથે સાથે હાર્દિક પંડ્યાએ પણ ૨ વિકેટ ઝડપી હતી.

### સત્યનું પાલન કરવાની મહાત્મા ગાંધીની શીખ મહત્વપૂર્ણ

## જાતીય સતામણીના કેસમાં આરોપીઓને ૧૦૦ વર્ષની જેલની સજા કરવામાં આવશે

**પીડિત બાળકીની ૮ વર્ષીય મોટી બહેને માતાને તેને-નાની બહેનને જાતીય સતામણીનો સામનો કરવો પડ્યાનું કહ્યું**

। તિરુવંતપુરમ, તા.૧૨ ।

સત્યનું પાલન કરવાની મહાત્મા ગાંધીની શીખ સાડા ત્રણ વર્ષની બાળકીની જાતીય શોષણની તપાસમાં અને આરોપીને ૧૦૦ વર્ષની જેલની સજા કરવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ. બે વર્ષ જૂના કેસમાં પથાનમથિટ્ટા જિલ્લાની અદૂર ફાસ્ટ ટ્રેક એન્ડ સ્પેશિયલ કોર્ટે ૧૧ ઓક્ટોબરે કોલ્લમ જિલ્લાના પઠાણાપુરમ નજીક પુનાલાના રહેવાસી આરોપી વિનોદને ૧૦૦ વર્ષની સખત કેદ અને ૪ લાખ રૂપિયાના દંડની સજા સંભળાવી હતી. આ ભયાનક ઘટના બીજા ધોરણના



પાઠ્યપુસ્તકમાં મહાત્મા ગાંધી વિશેના એક પાઠના કારણે આવી છે. પીડિત બાળકીની ૮ વર્ષીય મોટી બહેને પોતાની માતાને એ વિશે જણાવ્યું કે, તેને અને તેની નાની બહેનને જાતીય સતામણીનો સામનો કરવો પડ્યો હતો. આ બાળકીએ બીજા ધોરણના પાઠ્યપુસ્તકના એક પાઠમાં ગાંધીજીની શિક્ષા 'ક્યારેય કોઈની સાથે જૂઠું ન બોલવું જોઈએ' શીખી હતી. ત્યારબાદ આ બાળકીએ પોતાની માતાને સત્ય બતાવવાનું નક્કી કર્યું. આ દુઃખદ ખુલાસા બાદ માતા-પિતાએ અદૂર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સાડા ત્રણ વર્ષની બાળકી સાથે ૧૮ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ દરિંદગી કરવામાં આવી હતી. આરોપીએ પીડિતાની ૮ વર્ષની મોટી બહેન સાથે પણ દરિંદગી કરી હતી. તે આ મામલે પ્રત્યક્ષદર્શી સાક્ષી હતી. જજ એ સમીરે ૫ કલમોમાં નિર્ણય સંભળાવ્યો.

### ભારત પર ચીનની જેમ જ ભારે ભરખમ દેવું

## ભારતનું વર્તમાન દેવું જીડીપીના ૮૧.૯ ટકા, ચીનની જેમ નહીં વધે

**ભારત દેવા સંબંધિત જોખમોને ઘટાડવા મધ્યમગાળામાં ખાધ ઘટાડવા રાજકોષીય સશક્તિકરણ યોજના બનાવે**

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત પર ચીનની જેમ જ ભારે ભરખમ દેવું થઈ ગયું છે. તેમ છતાં પાડોશી દેશોની સરખામણીમાં ભારત સામે દેવા સંબંધિત જોખમો ઓછા છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) એ જણાવ્યું હતું કે ભારતે દેવા સંબંધિત જોખમોને ઘટાડવા માટે મધ્યમગાળામાં ખાધ ઘટાડવા માટે મહત્વાકાંક્ષી રાજકોષીય સશક્તિકરણ યોજના બનાવવી જોઈએ. આઈએમએફખાતે રાજકોષીય બાબતોના ડેપ્યુટી ડાયરેક્ટર રૂડ ડી મોઈઝે જણાવ્યું



હતું કે ભારતનું વર્તમાન દેવું જીડીપીના ૮૧.૯ ટકા છે. ચીનના કિસ્સામાં આ પ્રમાણ ૮૩ ટકા છે. આ રીતે, બંને દેશો લગભગ સમાન સ્થિતિમાં છે. જો કે કોરોના મહામારી પહેલા ભારતનું દેવું ૨૦૧૯ માં જીડીપીના ૭૫ ટકા હતું. મોઈઝે કહ્યું કે, ભવિષ્યમાં ભારતનું દેવું ચીનની જેમ વધવાની શક્યતા નથી, પરંતુ તે ઘટવાની સંભાવના છે. ૨૦૨૮માં ભારતનું દેવું જીડીપીના ૧.૫ ટકા ઘટીને ૮૦.૪ ટકા થઈ જશે. તેમણે કહ્યું કે, ભારતનો આર્થિક વિકાસ દર ઊંચો છે અને તે આ જોખમ ઘટાડવામાં મદદ કરશે. ઊંચો વિકાસદર પણ દેવું અને જીડીપી રેશિયો સાથે સંબંધ ધરાવે છે. મોઈઝે કહ્યું કે ભારતમાં કેટલાક રાજ્યો પર ઘણું દેવું છે. તેમણે વ્યાજના ભારે બોજનો સામનો કરવો પડે છે. આ એક પરિબળ છે જે ભારત માટે પણ જોખમી છે.

## તંત્રી લેખ...

# સિંહ પણ માનવભક્ષી?

સિંહનું અજાયબ સ્થળાંતરણ ચાલે છે. સિંહના આકસ્મિક મૃત્યુ અને શિકાર પણ વધ્યા છે. જૂનાગઢ તાલુકાનું એક નાનકડું ગામ છે ડુંગરપુર. આ ગામમાં સિંહના અંગો વેચીને લાખો રૂપિયા કમાનારા આઠ દસ ખેલાડી ખોરડાંઓ છે. લોક ડાઉન દરમિયાન એટલે કે આજથી બે વરસ પહેલા એક સિંહબાળનો શિકાર કરીને એના અંગો આ ગામની ટોળકીએ વેચી નાંખ્યા છે. જંગલખાતાએ રહી રહીને ધરપકડ કરી હતી. સિંહ પ્રત્યે થતા અપરાધોને ઢાંકવામાં અરધું વનખાતું લાગેલું છે. ગીરનું જંગલ અત્યારે પુરબહારમાં ખીલ્યું છે. ચોતરફ લીલીછમ વનરાજિ વચ્ચે ધીમે ધીમે ઢાળ ઉતરતી હરિયાળી ટેકરીઓએ આ પ્રદેશને મનોરમ સૌન્દર્યથી ચિત્તાકર્ષક બનાવ્યો છે. ગીર વિસ્તાર હવે રહસ્યમય થઈ ગયો છે, કારણ કે સિંહદર્શન માટે આવતા પ્રવાસીઓને પોતાના એક જ ધક્કે સિંહને જોઈ લેવા છે, જે સામાન્ય સંજોગોમાં શક્ય નથી. સરકારે સાસણમાં અને હવે ધારી પાસે આંબરડી પાર્કમાં કરેલી વ્યવસ્થા પ્રવાસીઓના ધસારાની તુલનામાં અપૂરતી છે. એટલે ખાનગી લાયન શો યોજવાનો ઉપદ્રવ શરૂ થયો છે. ખાનગી લાયન શો યોજતા પરિબળો સિંહને માંસાહાર આપતી વેળા એને અર્ધબેહોશ કરી મૂકે એવા રસાયણો પણ ઉમેરતા હોવાની કેટલાક વન અધિકારીઓને શંકા છે, જેથી સિંહ અર્ધ બેહોશીમાં અહિંસક બની જાય અને સિંહદર્શન કરનારાઓ સાવ નજીકથી એને જોઈ શકે અને કવચિત્ સ્પર્શ પણ કરી શકે. ખાનગી લાયન શો યોજનારી ટોળકી એક પ્રકારની અસામાજિક તત્ત્વોની ગેંગ હોય છે. એક જમાનામાં આવી ગેંગનું ઉપરના અધિકારી સ્તરે 'સેટિંગ' પણ રહેતું. આ પ્રકારના ખાનગી લાયન શો જ ગીરના જંગલમાં સિંહને રંજાડવાનું મુખ્ય કારણ છે. ગીરના જંગલમાં અભયારણ્યના કાયદાઓનો ભંગ કરીને ગેરકાયદે બાંધકામ થયા છે ને હજુ થાય છે. લગભગ તમામ પર્વતીય વિસ્તાર વેચાઈ ગયેલો છે અને તબક્કાવાર ત્યાં નવા રિસોર્ટ આકાર લેવા લાગ્યા છે. સિંહ પરિવારો આજકાલ સમગ્ર સૌરાષ્ટ્રના પ્રવાસે નીકળેલા છે. ચોતરફ સિંહ સામે ચાલીને ભયજનક દર્શન આપવા લાગ્યા છે. આ દિવાળીના દિવસોમાં તો ચાર-પાંચ સિંહ માનવભક્ષી થઈ જતાં ગીરકાંઠાના ગામોમાં હાહાકાર મચી ગયો છે. પ્રભુત્વની લડાઈમાં સિંહ વચ્ચે પારસ્પરિક યુદ્ધ થતાં હોય છે. અને એમાં જોરાવર જીતે છે ને ઉંમરલાયક સિંહ માર્યા જાય છે. એવી ઈનફાઈટ સિવાયના કિસ્સાઓમાં ફેલાઈન લ્યુકેમિયા જેવા ચેપી રોગની સંભાવનાની થિયરી તરફ વનખાતાનું ઈન્વેસ્ટિગેશન કરે છે ને સિંહના અકુદરતી મોતના હિસાબનો તાળો મેળવે છે. ગીરના સિંહ પર દર્શનાર્થી અને ચાહકોની ભીંસ વધી છે તે જોતાં સિંહના મૃત્યુનો ઘટનાક્રમ રહસ્યમય તો છે જ. સમગ્ર વિશ્વમાં એશિયાઇ પ્રજાતિના સિંહનું આ છેલ્લું વતન છે. આ પ્રજાતિ નામશેષ થવા તરફ છે. જે રીતે ગીરના સિંહ આજકાલ પ્રવાસીઓના મનોરંજનનું માધ્યમ બનવા લાગ્યા છે તે જોતા તેમને માટે માણસજાતના વધતા ઘેરાવા વચ્ચે અસ્તિત્વ ટકાવવું મુશ્કેલ છે. જે રીતે ડાંગમાંથી વાઘ પ્રાયઃ લુપ્ત થયા તે જ રીતે સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતના ગૌરવરૂપ સિંહ પણ લુપ્ત થઈ શકે છે એ કડવું સત્ય છે. કારણ કે સિંહના સંરક્ષણમાં વનતંત્ર અને અન્ય સરકારી તંત્ર અત્યારે ગંભીર ભૂલો કરી રહ્યું છે.

## આતંકવાદનો નવો ચહેરો

ઈઝરાયલની જાસૂસી સંસ્થા મોસાદનો જગતમાં ડંકો વાગતો હતો એ યુગ હમાસ ઘટનાક્રમ સાથે પૂરો થઈ ગયો છે. ઈઝરાયલના જાસૂસો પણ પાકિસ્તાની જાસૂસોની જેમ અમર્યાદિત એશ-આરામમાં ડૂબેલા ઊંઘતા ઝડપાઈ ગયા છે. આતંકવાદ હવે એક યુદ્ધ પ્રણાલિકા છે, જેમ ગેરીલા પદ્ધતિ પણ એક પ્રકારની વિશિષ્ટ હુમલાખોરી છે એમ. સામાન્ય સૈન્યનું કામ નથી કે એ આતંકવાદી યુદ્ધનો આસાનીથી સામનો કરી શકે. પેલેસ્ટાઈનના દુષ્ટ લડવૈયાઓએ યુદ્ધના બધા નિયમો નેવે મૂકીને ઈઝરાયલ પર હુમલો કર્યો છે. ઈઝરાયલી સ્ત્રીઓ સાથેના પેલેસ્ટાઈન હુમલાખોરોના હીન વર્તાવને કારણે આ યુદ્ધ અતિ ભયાનક સાબિત થવાનું નક્કી છે. અમેરિકી લશ્કરી વડા મથક પેન્ટાગોનમાં આતંકવાદીઓ પર સૈન્ય કાર્યવાહી માટે ગહન અભ્યાસ અને સંશોધન કરનારો અલગ વિભાગ છે. અમેરિકાની સૌથી મોટી તાકાત જ એ છે કે એની પાસે દરેક ક્ષેત્રમાં સંશોધન કરનારાઓનો વિરાટ કાફલો છે. કોઈ પણ દેશમાં શિક્ષણ સર્વોચ્ચ સ્તરે પહોંચે પછીથી સંશોધનનો ઉઘાડ થતો હોય છે. પેન્ટાગોનના અભ્યાસ પ્રમાણે અત્યારે આતંકવાદીઓ દુનિયાભરમાં ફેલાઈ ગયેલા છે. ઈરાક, સિરિયા, પેલેસ્ટાઈન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન આ ચાર-પાંચ દેશોમાંથી આગામી પચાસ વરસ સુધી આતંકવાદીઓનો સફાયો થઇ શકે એમ નથી. આતંકવાદમાં છૂપાઈને પ્રહાર કરવાની જે દગાબાજી છે અને એની જે ભૌગોલિક અનિશ્ચિતતાઓ છે એ જ એને કોઈ પણ શક્તિશાળી સૈન્ય સામે ટકાવી રાખે છે. પેન્ટાગોનની નવી થિયરી પ્રમાણે આતંકવાદીઓ સત્વરે પોતાની નવી જનરેશન તૈયાર કરવામાં ધ્યાન આપે છે, કારણ કે તેઓ જાણે છે કે તેમની જિંદગી અલ્પ અવધિ ધરાવતી હોય છે અને ડગલે ને પગલે મોત એમનો પીછો કરતું હોય છે. ઉપરાંત તેઓ પોતે પણ ફિદાયિન હુમલાઓ દ્વારા કે અન્ય રીતે મૃત્યુને ભેટવા માટે તત્પર હોય છે. હવે આતંકવાદીઓ દુનિયાના તમામ ક્રાન્તિકારી પ્રદેશો પર પોતાની હકૂમત જમાવવા નીકળ્યા છે, કારણ કે જે પ્રદેશની પ્રજા તેના જ દેશની વિરુદ્ધમાં વિચારતી હોય એને પોતાની કરી લેવાનું કામ આતંકવાદી કમાન્ડરોને આસાન લાગે છે. કાશ્મીરમાં છેલ્લા ત્રણ-ચાર વરસથી એ જ થઈ રહ્યું છે. પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાન્તમાં ક્રાન્તિ ચાલી રહી છે અને ત્યાં પણ હવે ઈરાક અને સિરિયાથી આતંકવાદીઓ આવવા લાગ્યા છે. એનો બીજો અર્થ એ પણ છે કે પોતાના જ દેશની સરકાર સામે પ્રાંતવાદ દાખવીને લડાયક બનેલી વિશ્વની કોઈ પણ પ્રજાને કે નાના સમુદાયને હવે તૈયાર આતંકવાદીઓનું હરતું ફરતું સૈન્ય ઉપલબ્ધ થવા લાગશે. અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ભારતમાં તાજેતરના કિસ્સાઓમાં એ સાબિત થઈ ગયું છે કે ઈસ્લામ ધર્મના કોઈ પણ તહેવારની અદબ હવે આતંકવાદીઓ જાળવતા નથી. દુનિયાની વિવિધ સરકારો દ્વારા આતંકવાદીઓ સામેના જે એકતરફી યુદ્ધવિરામ જાહેર કરવામાં આવે છે તેને આતંકવાદીઓ તો ધ્યાનમાં લેતા જ નથી અને એનો લાભ લઈને તેઓ બેફામ હુમલાઓ કરતા થયા છે. ભારત સરકાર પણ જમ્મુ અને કાશ્મીરમાં આવા માત્ર પોતે જ પાલન કરવાના યુદ્ધવિરામના નિષ્ફળ અખતરા કરી ચૂકી છે. વિશ્વના જે દેશોમાં ત્યાંની સરકાર સામે બળવો થવાની સ્થિતિ હોય કે હમણાંના સુદાન જેવા સિવિલ વોરના સંયોગો નજીક આવી ગયા હોય ત્યાં હવે આતંકવાદીઓ પનાહ લેવા લાગ્યા છે. પેન્ટાગોન માને છે કે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનાં થોડા વરસો પછી ટુકડે-ટુકડા થઈ જશે.

# સર્વપિતૃ અમાસના દિવસે માનાં મનમંદિરના દેવતા માટે મારે આખી જિંદગી આ શ્રદ્ધા વિનાનું શ્રાદ્ધ કરવું પડશે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

વિદ્યા તૈયાર થઈને ઓફિસ જવા નીકળી, અને એની અંધ માતાએ સાદ કર્યો બેટા! બે દિવસ પછી સર્વપિતૃ અમાસ ને દિવસે તારા પિતાનું શ્રાદ્ધ છે, તો શાસ્ત્રીને પુછીને જે લીસ્ટ આપે એ લેતી આવજે! તો આપણો પિતૃદોષ દૂર થાય, અને તારું ક્યાંક સારે ઠેકાણે ગોઠવાઈ જાય, તો હું શાંતિથી મરી શકું! પિતાના શ્રાદ્ધની વાત સાંભળીને જ વિદ્યા એકદમ ગુસ્સામાં આવી ગઈ, અને બોલી મા મારી પાસે ફીઝુલ ખર્ચી માટે રુપિયા નથી. આવતે મહિને જ તારું મેડિકલ ચેકઅપ કરાવવાનું છે! ખબર છે ને ડોક્ટર એ શું કહ્યું છે એ! કે બેન માજી ને હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ તો હતું જ બ્લોકેજનો પ્રોબ્લેમ વધ્યો છે! અને આ બ્રેઈન સ્ટ્રોકનું જોખમ તો વારંવારનું ઉભું જ છે,જો ધ્યાન નહીં આપો તો બાયપાસ સર્જરી કરાવવી પડશે! એમાં પ છો શિયાળો આવશે એટલે ઠંડીમાં હાથપગના સાંધાનો દુઃખાવો અને દમની તકલીફ એટલે બધા ટેસ્ટ અને દવા વગેરેમાં રુપિયા પાંચ હજાર થશે! મારે તો ડબલ ટ્રેજડી છે જે જતાં રહ્યાં છે એને રોઉં. કે જે જીવે છે એને! આમ એકશ્વાસે આટલું બધું બોલી પગ પછાડીને એ બહાર નીકળી ગઈ. જતાં જતાં એને એની માનાં શબ્દો કાને પડ્યાં, બેટા જૂનું જૂનું યાદ કરીને ક્યાં સુધી દુઃખી થયા કરીશ! ગમે તેમ તોય એ તારો બાપ હતો! વિદ્યા મનોમન બોલી એજ તો વાંધો છે ને નહીં તો એને કોર્ટમાં ઢસડી ગઈ હોત. આજે પ છું એક્ટિવા પણ નહોતું! કાલે અટકી ગયું તો રિપેરિંગમાં આપ્યું એટલે ગેરેજ વાળો મનીષ કહે દીદી બહુ મોટો ખર્ચ છે, વાંધો નહીં પહેલી પછી આપજો પણ બે દિવસ તો થશે જ, આખું ખખડી ગયું છે. વિદ્યા બોલી મારી જેમ! મનીષ એ કહ્યું શું દીદી તમે પણ.. એટલે આજે બસ કે ઓટોમાં જવું પડશે! આ મહિને લેઈટની બે રિમાર્ક લાગી છે, એટલે બોસ પણ ભડકશે એ જુદું! હે ભગવાન તું પણ ખરો છે! કેટકેટલી પ રીક્ષા કરીશ! આમ ભગવાન સાથે મનોમન ઝઘડતી ઝઘડતી બસ સ્ટેન્ડ પાસે આવી, તો જાણવા મળ્યું કે એની બસ તો ચાલી ગઈ છે! પણ બીજી બસનો આવવાનો સમય થઈ ગયો હતો, અને એ થોડે આઘે ઉતારશે, પણ થોડું ચાલી નાખીશ! એમ વિચારીને ઉભી રહી. બસ સ્ટેન્ડનાં બીજે ખૂણે એક વયસ્ક પુરુષ ઉભા હતાં, અને એ પોતાની તરફ લોલુપ નજરે જોતાં હતાં! એકવાર ખ્યાલ આવ્યો એટલે વારંવાર ત્રાંસી નજર પડી જતી. એને ઘૃણા થઈ ગઈ, કે શું રુપાળી યુવતી કે સ્ત્રીને આવાં જ પુરુષનો સામનો કરવો પડતો હશે?

આ જ વિચારમાં હતી, ત્યાં બસ આવી અને એજ વિચારમાં બસમાં ચડી ગઈ. બસમાં પણ એની સામેની સીટમાં પણ એવાં જ એક ભાઈ બેઠાં હતાં, અને એ એનાથી ઘણી નાની યુવતી સાથે ફ્લર્ટિંગ કરતાં હતાં. એણે ભગવાનને કહ્યું કે આજે તે શું ધાર્યું છે? અને પેલા પુરુષની એક હરકતથી એ ન ઈચ્છવા છતાં અતીતમાં ચાલી ગઈ. એક દિવસ કોલેજમાં એની ખાસ સહેલી સલોની એ એને એકબાજુ લઈ જઈને એક વાત કહી, અને એ શબ્દો સાંભળીને એના પગ નીચેથી ધરતી ખસી ગઈ. સલોની એ કહ્યું કે તારા પપ્પાને મેં એક યુવતી સાથે મલ્ટિપ્લેક્સમાં જતાં જોયા. એણે સલોનીને તો કહી દીધું કે તે કોઈ બીજાને જોયા હશે! પણ એ અઠવાડિયાથી ઘરમાં થતો કંકાસ સાંભળતી હતી, મા એની સાથે ઝઘડતી હતી, કે આ બધું શું માંડ્યું છે?ઃ પછી એની હાજરી જોઈ ચૂપ થઈ જતી. એકદમ સાજી સારી મા બિચારી આમ ને આમ ટેન્શનને કારણે હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસની રોગી થઈ ગઈ. એકદિવસ મા પોતે ઘરમાં એકલી હતી ત્યારે ટીવી સીરિયલ જોતી હતી, અને એમાં પણ નાયક નાયિકા ને અંધારામાં રાખીને બીજા લગ્ન કરી લે છે, અને એની સાથે પણ આવું જ થશે, એ વિચારમાં એને બ્રેઈન સ્ટ્રોક આવી ગયો, અને એ ખુરશી પરથી ફેંકાઈ ગઈ. ઘરે પહોંચી તો મા બેભાન પડી હતી, એણે તાત્કાલિક ૧૦૮ ને ફોન કર્યો અને માને સિવિલ હોસ્પિટલ લઈ ગઈ. ડોક્ટર એ કહ્યું કે અંદરની નસ ફાટી જવાથી મગજને બંને છેડે લોહી મરી ગયું છે, અને હજી પણ લોહીનો ક્લોટ મોટો થતો જશે! તાત્કાલિક ઓપરેશન કરવું પડશે! એમાં પણ ઘણું થવાની શક્યતા દેખાડી કે, એને આંખે દેખાવાનું બંધ થશે, અથવા પેરેલિસીસ થશે કે પછી કાને બહેરાશ આવશે, એટલે એ દોડીને એનાં પપ્પાને કહેવા ઓફિસ પહોંચી, તો જાણવા મળ્યું કે એ તો અડધી રજા પર છે! કોઈ એ કહ્યું કે એને ત્યાં જોયાં, કોઈ એ કહ્યું પેલી બાજુ જતાં જોયાં, આમ અડધી કલાક એ ગાંડાની જેમ આમથી તેમ ભટકી અને મળ્યા ત્યારે તો. સલોની સાચું કહેતી હતી, એણે કહ્યું કે મા પડી ગઈ છે, અને સિવિલમાં છે! તોય જાણે કંઈ જાણતાં જ નથી તેમ.. અને એણે જ ફોર્મમાં સહી કરી, પણ મોડું થયું એટલે ઓપરેશન એટલું સફળ ન રહ્યું, અને કાલ સુધી દેખતી મા એકાએક અંધ થઈ ગઈ! મા બિચારી તો જાણતી જ નહોતી કે આ હકીકત હતી! એને તો એમ કહ્યું કે પપ્પા ઓફિસ કામે બહાર ગામ ગયા હતાં. બસ આમ તો એ જ દિવસથી એનો બાપ એની માટે મરી ગયો હતો! પણ આ મા દીકરીનો કુદરતે બદલો લીધો અને એ યુવતી પપ્પાની બધી જ રોકડ જંગમ પોતાને નામે કરાવીને ફરાર થઈ ગઈ, અને એનાથી આ આઘાત સહન થતો નહોતો! બહુ માફી માંગી પણ હવે એ પહેલાં જેમ સ્થાન ક્યાંથી પામી શકે! અને તોય હજી એવો પસ્તાવો તો થયો નહોતો! આસ પડોશની બેન દીકરી તરફની નજરમાં લોલુપતા દેખાતી હતી. દારુ જેવું જીવલેણ વ્યસન પણ કરવા લાગ્યા હતાં, અને એકવાર ભર બજારે કોઈનો હાથ પકડી લીધો, અને એનાં વાલીએ પોલીસ બોલાવી! બાપ હતો એટલે લોકલાજે છોડાવ્યા, પણ હારેલો જુગારી બમણું રમે એમ હવે વ્યસનની લત ઘર કરી ગઈ. રહી સહી મિલકત અને ઈજ્જત બંને ચાલ્યું ગયું. ઘર વેચીને ભાડાના સાવ સામાન્ય ઘરમાં રહેવા આવી ગયાં, અંધ મા તો બિચારી આના કરતુત જોઈ શકતી નહોતી. એકવાર હદ થઈ રુપિયા ન મળતાં એણે માનાં દાગીનાની ચોરી કરી, અને પછી પોતે જ ખુદ પોલીસ કમપ્લેન કરી. સજા તો થોડીઘણી થઈ પણ પછી ભાન આવ્યું, અને સગી દીકરીની નજરનો તિરસ્કાર એને સહન ન થયો! ઉપરાંત હવે તો સમાજ પણ પાછળ વાતો કરતો કોઈ કોઈ તો ટોણો મારતાં કહેતા હતાં! કેમ મુખર્જી બડે આશિક બીને ફરતે થે! કહાં ગયા વો મિજાજ! અબ કિસસે અખિયા લડાયેંગે. જેલમાંથી છુટ્યા પછી ઘરનો દરવાજો પણ બંધ થઈ ગયો! એટલે એક રાતે ગાડીનાં પાટે સૂઈ ગયા! ઓળખ માટે ગઈ પણ કહી દીધું કે મારે એની સાથે સંબંધ નથી! અને લાવારિસ લાશનાં અગ્નિ સંસ્કાર પોલીસે કર્યાં. બસ એ દિવસે મા ને કહ્યું મા પતિ નામના પ્રાણીથી તું છુટી! પણ એ હિન્દુ નારી એ ચૂક, ચૂડી, ને ચાંદલો ત્યજી દીધો! હું મનોમન ગુસ્સે થતી કે એ એને લાયક નહોતાં! પણ હવે આનાથી મોટો આંચકો મા ને આપવાની મારામાં તાકાત નહોતી. જેમ તેમ કરીને કોલેજ પૂરી કરી નોકરી લીધી, અને હવે માને એ તમામ સુખ આપવા માગું છું, પણ મા છે કે એની સોય મારા બાપ પર જ અટકી છે, અને મને ખબર છે કે હું ગમે તેટલી એને નફરત કરું! પણ મારી માની તો હું પૂજા કરું છું! એટલે એને કેમ દુઃખી કરવી! કરી નાખીશ હવે શ્રદ્ધા વિનાનું શ્રાદ્ધ! બીજું શું! અને બાજુમાં બેઠેલી યુવતી મને કહેતી હતી દીદી તમારું ઠેકાણું આવી ગયું! મેં કહ્યું હાં મારું ઠેકાણું આવી ગયું, અને મગજ પણ ઠેકાણે આવી ગયું! કારણકે આ જ હવે મારાં જીવનની વાસ્તવિકતા છે! નામ વિદ્યા છે પણ મારી બધી વિદ્યા આ બાબત નકામી છે! કારણકે માનાં મનમંદિર ના દેવતા માટે મારે આખી જિંદગી આ શ્રદ્ધા વિનાનું શ્રાદ્ધ કરવું પડશે!

# મૂર્તિમાં રહેલા ભગવાન આપણું ભલું કરવા જલદી આવતા નથી, તેમાં ભગવદ્ ભાવ સ્થિર કરવો પડે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



ફિલ્મ મધર ઈન્ડીયાના આ ગીતની પંક્તિઓથી આજના લેખની શરૂઆત કરી જે તમને સૌને ગમશે.ના મૈં ભગવાન હૂં, ના મૈં શૈતાન હૂં,અરે! દુનિયા જો ચાહે સમઝે,મૈં તો ઈન્સાન હૂં. મુઝ મેં ભલાઈ ભી, મુઝ મેં બૂરાઈ ભી, લાખો હૈં મેલ દિલ મેં થોડી સફાઈ ભી,થોડા સા નેક હૂં,મૈં થોડા બેઈ માન...! ના કોઈ રાજ હે,ના સર પે તાજ હૈ, ફિર ભી હમારે દમ સે, ધરતી કી લાજ હૈ તન કા ગરીબ હૂં મન કા ધનવાન હૂં...!જીવન કા ગીત હે, સૂર મેં ના તાલ મેં ઉઝલી હે સારી દુનિયા રોટી કે જાલ મેં, કૈસા અંધેર હૈ? મૈં ભી હૈરાન હૂં. રામાયણની કથા કરુણરસ પ્રધાન છે. બાળકાંડ સિવાય બધા કાંડમાં રુદન છે.રામ સિવાય બીજે આરામ ખોળે છે તે આરામને બદલે માત્ર ઉપાધિ મેળવે છે. એટલા માટે સતત રામનું ચિંતન કરવું. રામાયણમાં વાલ્મીકિએ કેવા કેવા આદર્શ સમાજ સમક્ષ મૂક્યા છે તેનો વિચાર કરો. રામાયણમાં એક પાત્ર આદર્શ છે. પિતા આદર્શ, માતા આદર્શ, પતિ આદર્શ,પત્નીઆદર્શ,ભાઈ આદર્શ ગુરુ આદર્શ, પુત્ર આદર્શ અને શત્રુ પણ આદર્શ! રાવણ જેવો શત્રુ ક્યાં મળે! રામનું સામર્થ્ય અને રામની દૈવી શક્તિ એ જાણે છે અને એને વખત આવ્યે બિરદાવે છે એ કંઈ જેવો તેવો દુશ્મન ન ગણાય. એ બતાવે છે કે, મનુષ્ય કાલાધીન છે, સ્વભાવાધીન છે. બધી ઈશ્વરની જ લીલા છે. શ્રીમદ્ રામાયણ એ શ્રીરામજીનું નામસ્વરૂપ છે. રામાયણનો એક એક કાંડ એ રામજીનું અંગ એ છે. બાળ કાંડ એટલે રામજીનાં ચરણ, અયોધ્યાકાંડ એટલે સાથળ, અરણ્યકાંડ એટલે ઉદર,કિષ્કિંધા કાંડ એટલે હૃદય,સુંદરકાંડ એટલે કંઠ, લંકા કાંડ એટલે મુખ અને ઉત્તર કાંડ એ રામજીનું મસ્તક છે. આમ શ્રી રામાયણ રામજીનું નામ સ્વરૂપ હોઈ જીવ માત્રનો તે ઉદ્ધાર કરે છે.રામચંદ્રજી આ પૃથ્વી ઉપર પ્રત્યક્ષ બિરાજતા હોય ત્યારે તેઓ પોતે જીવોનો ઉદ્ધાર કરે છે પણ જ્યારે તેઓ પ્રત્યક્ષ બિરાજતા ન હોય ત્યારે રામાયણ એમનું એ કામ બજાવે છે. રામજી એ તો અમુક જીવોનો ઉદ્ધાર ન કરેલો પણ રામાયણે તો અસંખ્ય જીવોને પ્રભુને માર્ગે વાળ્યા છે અને જીવોનું કલ્યાણ કરે છે અને કરતું હેશે. તેથી રામ કરતાં રામાયણ શ્રેષ્ઠ છે એમ કહીએ. અયોધ્યા કાંડનો જે પાઠ કરશે તેનું ઘર અયોધ્યા બનશે. તેના ઘરમાં ઝઘડો થશે નહીં. અયોધ્યા કાંડની ગૃહસ્થાશ્રમીઓને બહુ જરૂર છે. કલહનું મૂળ પૈસો અને પ્રતિષ્ઠા છે અયોધ્યા કાંડ એ મૂળનો નાશ કરે છે.અયોધ્યા કાંડનું ફળછે નિર્વેરતા ઘરના એકએક મનુષ્યમાં ભાગવત ભાવ રાખો.ભાઈમાં જેને ભગવાન ન દેખાય તેને એક મંદિરમાં પણ ભગવાન દેખાવાના નથી.

મૂર્તિમાં રહેલા ભગવાન આપણું ભલું કરવા જલદી આવતા નથી. તેમાં ભગવદ્ ભાવ સ્થિર કરવો પડે છે, પણ બોલતા દેવમાં જે ભગવદ્ ભાવ સિદ્ધ ન કરી શકે તો મૂર્તિમાં તે સ્થિર કરી શકતો નથી. સૃષ્ટિ ઉત્પન્ન કર્યા પછી એક એક પદાર્થમાં પ્રભુએ પ્રવેશ કર્યો છે. પ્રભુ તે પ્રવેશ ન કરે ત્યાં સુધી સૃષ્ટિ નકામી છે. સર્વમાં ઈશ્વર છે. મારા ભાઈબહેનમાં પણ એ જ ઈશ્વર છે. રામે અલૌકિક આદર્શ બતાવ્યો કે, ભાઈના સુખ માટે રામ હસતા હસતા વનમાં ગયા. ભરતનો રામ પ્રત્યેનો પ્રેમ એવો જ દિવ્ય છે.બંધુ પ્રેમની ભાવના ભરત ના રુંવે રૂંવે છે.આથી આમ અયોધ્યા કાંડના પાઠથી યુદ્ધની ભાવનાનો નાશ થાય છે, જીવન વિશુદ્ધ બને છે. અયોધ્યા કાંડ પછી અરણ્ય કાંડ આવે છે. અરણ્ય કાંડ નિર્વાસન એટલે વાસનાહીન બનાવે છે. નિર્વૈર થયા પછી પણ વાસના ત્રાસ આપે છે. મનુષ્ય તપ ન કરે ત્યાં સુધી જીવનમાં દિવ્યતા આવતી નથી. રામજીએ રાજા હોવા છતાં સીતાજી સાથે વનમાં રહી તપશ્ચર્યા કરી છે. પહેલાં તપ કરી પછી રામ રાજા થયા છે.

પહેલાં તપશ્ચર્યા કરી હશે તો ભોગની મર્યાદા સમજાશે. મહાપુરુષો બધા અરણ્યમાં રહેતા હતા. મહાપ્રભુજીએ ઉઘાડા પગે ભારતની પ્રદક્ષિણા કરી છે. તેઓ એક વસ્ત્રથી વધારે વસ્ત્ર રાખતા ન હતા. જીવનમાં તપશ્ચર્યાની ખૂબ જ જરૂર છે. જગતના ઘોંઘાટથી, ખટપટથી, કલહથી દૂર થવાની જરૂર છે. વનવાસ વગર જીવનમાં સુવાસ આવશે નહીં. જીવનમાં સાત્ત્વિકતા લાવવા માટે વનવાસ ની તપશ્ચર્યાની જરૂર છે. વધારે નહીં તો વર્ષમાં એક માસ પવિત્ર નદીના કિનારે વનમાં રહેવું. જ્યાં હું અને મારા ભગવાન, ત્રીજું કાંઈ નહીં.ત્રીજો આવે ત્યારે તોફાન થાય છે. પોતાના દષ્ટાંત પરથી રામચંદ્રજી એ બતાવ્યું છે કે,તપ વગર વાસના મરતી નથી.તપ એટલે સંયમ. પહેલો સંયમ જીભ ઉપર રાખવાનો હોય છે. વનવાસ દરમિયાન રામજીએ અનાજનું ભક્ષણ કર્યું નથી, ફળાહારી રહ્યા છે. સાત્વિક આહાર વગર કોઈ કામને મારી શકે નહીં.રામજી વન માં રહી કંદ-મૂળનું સેવન કરી તપ કરે છે. રામજી વનમાં તપ કરે છે, ત્યારે કોઈ ધાતુનો સ્પર્શ કરતાનથી નાળિયેરની કાચલીથી પાણી પીએ છે. ધીરે ધીરે વાસનાનો કેવી રીતે વિનાશ કરવો તે અરણ્યકાંડ માં બતાવ્યું છે. જીવનમાં તપશ્ચર્યા કરો તો જ રાવણ એટલે કામ મરશે. રાવણને મારવા અરણ્યવાસ તપ શ્ચર્યા જરૂરી છે.અરણ્ય કાંડમાં શૂર્પણ ખા અને શબરી મળે છે. શૂર્પણખા એટલે મોહ.મોહની સામે ભગવાન જોતા નથી,પણ શબરી ની સામે શુદ્ધ ભક્તિની સામે જુએ છે. મોહને કાપી નાખો શુદ્ધ ભક્તિને અપનાવો! અરણ્યકાંડમાં વાસનાનો વિનાશ કર્યો પછી કિષ્કિંધાકાંડમાં સુગ્રીવ-રામની મૈત્રી થાય છે.કામની દોસ્તી જ્યાં સુધી મનુષ્ય છોડે નહીં ત્યાં સુધી પ્રભુ સાથે મૈત્રી થતી નથી. સુગ્રીવ અને શ્રમ જીના મિલનની કથા આ કાંડમાં છે. કિષ્કિંધાકાંડ જીવ-ઈશ્વરની મૈત્રી બતાવે છે. સુગ્રીવએ જીવા ત્મા અને રામજી એ પરમાત્મા છે. જીવ-ઈશ્વરની મિલન અને મૈત્રી ત્યારે થાય, યારે માનજી મધ્યસ્થી બને, જ્યારે હનુમાનજી વકીલાત કરે. જેનો કંઠ સારો એનું નામ સુગ્રીવ. હની શોભા આભૂષણ નથી. કંઠની શોભા બ્રહ્મચર્ય અને રામનામની છે. જીવ-ઈશ્વરની મૈત્રી હ્મચર્ય સિવાય થઈ શકે નહીં. હનુમાનજી બ્રહ્મચર્યનું પ્રતીક છે, પણ એકલા સુગ્રીવથી કાંઈ વળે નહીં. તેને હનુમાનજીનો ટેકો હોવો જોઈએ, બ્રહ્મચર્યનું બળ જોઈએ.જીવ અને શિવની મૈત્રી થતાં જીવન સુધરે છે અને સુંદર બને છે, તેથી કિષ્કિંધા કાંડ પછી આવે છે સુંદર કાંડ. સુંદર કાંડ અતિ સુંદર છે. તેમાં રામભક્ત હનુમાનજીની કથા આવે છે. ભાગવતમાં જે દસમ સ્કંધ તેમ રામાયણમાં સુંદર કાંડ છે. સુંદર કાંડમાં હનુમાનજીને સીતાજીનાં ર્શન થાય છે. સીતાજી પરાભક્ત છે, પણ સીતાજીનાં દર્શન કોને થાય? જેનું જીવન સુંદર થાય, રાભક્તિનાં દર્શન થાય છે. દરિયો ઓળંગીને જે જાય, સંસારસમુદ્રને જે ઓળંગે તેને સીતાજીના એટલે કે પરાભક્તિનાં દર્શન થાય છે. દરિયો બધા ઓળંગતા નથી. દરિયો ઓળંગે છે એકલા હનુમાન જી. પહેલાં સમુદ્ર ઓળંગે અટલે રસ્તામાં સુરસા મળે છે. સારા સારા રસો એ સુરસા છે. નવીન રસ લેવાવાળી વાસનામય જીભ એ જ સુરસા.સુરસાને હનુમાનજી મારે છે. જેણે સંસાર રૂપી દરિયો ઓળંગવો પડે છે તેણે જીભને મારવી પડશે, જીભને વશ કરવી પડશે. સીતાજીએ પરાભક્તિ છે. પરાભક્તિ છે ત્યાં શોક રહી શકે નહીં. તેનું નામ અશોક વન. બ્રહ્મસૃષ્ટિ સિદ્ધ થયા પછી ત્યાં શોક રહેતો નથી તે અશોક વન. જીવન ભક્તિમય થાય છે ત્યારે સુંદર બને છે. કામને જે મારે છે તે કાળને મારી શકે છે. જેને કામ મારે તેને કાળ પણ મારે છે. લંકા શબ્દને ઊલટાવો એટલે થશે કાલમ્ કાલમ્, એટલે કાળ. કાળ સર્વને મારે પણ હનુમાનજી કાળને મારે છે, લંકાને બાળે છે. એટલે કાળને મારે છે. હનુમાનજી કાળને મારી શકે નહીં, કારણ કે તેઓ બ્રહ્મચર્ય પાળે છે અને પરાશક્તિ નાં દર્શન કરે છે. તુલસીદાસજીએ સર્વસ્વ ઉત્તરકાંડમાં ભર્યું છે. કાક ભુસુંડી અને ગરુડનો સંવાદ વારં વાર વાંચો.

# તમે જાણો છો કઈ ભાષામાં બોલે છે ભગવાન?



થોડા સમય પહેલાં પ્રદર્શિત થયેલી અક્ષયકુમારની ફિલ્મ ઓહ માય ગોડ ટુ'માં દર્શાવવામાં આવેલા શંકર ભગવાનના દૂત એવા અક્ષય કુમારની ભાષાને લઈને અનેક વાદ્-વિવાદ જામ્યા હતા. એ ફિલ્મ રજૂ થઈ એ પહેલાં સેક્સ એજ્યુકેશન-જાતીય જ્ઞાન-ભણતરની ભાષા,ઈત્યાદિને લઈને સેન્સર બોર્ડે ૨૭ જેટલાં કટ્સ સૂચવીને ફિલ્મને માત્ર ઍડલ્સ'નું સર્ટિફિકેટ આપ્યું હતું. જો કે, ભોળા શંકરની કૃપાથી આ ફિલ્મ ધારી નહોતી એથા વધુ જામી. અક્ષય કુમારે જેને આજના તણો માટેની સૌપ્રથમ ઍડલ્ટ ફિલ્મ ' તરીકે ગણાવી ઓએમજી-ટુ યુવા દર્શકોમાં બરાબરની ક્લિક થઈ . છેલ્લી માહિતી મુજબ,આ ફિલ્મનો ભારતમાં બોકસ ઑફિસનો આંક પિયા ૧૮૭ કરોડથી વધુ પહોંચી ગયો છે અને એ હવે આ જ રીતે ટકી ગઈ તો એ ૨૦૦ કરોડની કલબમાં પહોંચી પણ જાયપઑન્લી ગોડ જાણે. આમ તો તણ-તણીઓને જાતીય જ્ઞાન આપવા વિશેની વાત કરતી આ ફિલ્મમાં અશ્લીલતા ન પ્રગટે એની પૂરતી તકેદારી રાખવામાં આવી છે.આમ છતાં સંવાદ-ભાષાને લઈને વિવાદ થાય અને એમાં વળી ભગવાનનું પાત્ર હાજર હોય તો કોઈને પણ સહજ જિજ્ઞાસા જાગેઃ ઈશ્વર વળી કઈ ભાષામાં બોલતા હશે? કોઈ આપણી સામે આપણી જ ભાષામાં આડું-અવળું અષ્ટમપષ્ટમ બોલતો હોય તો આપણે કંટાળીને બોલી ઊઠીએ : યાર, કઈ ભાષા બોલે છે તું ? કઈ સમજાય એવું તો બોલ?! 'અહીં સવાલ ભાષાનો નહીં,પણ બે વ્યક્તિ વચ્ચેના અસ્પષ્ટ સંવાદનો છે. બીજી તરફ, અનેક સંદર્ભ ગ્રંથોએ તારવેલી પ્રાચીન ભાષાઓની નામાવલિ ચકાસીએ તો જાણવા મળે કે દશેક ભાષા એવી છે, જે યુગોથી આજે પણ ઓછા-વત્તા પ્રમાણમાં અસ્તિત્વમાં છે. ઉદાહરણ તરીકે, આર્મેનિયન. એનું અસ્તિત્ત્વ પાંચમી સદીમાં પણ હતું, કારણ કે પુરાવારૂપે એ ભાષામાં એ વખતના બાઈબલ ગ્રંથ મળી આવ્યાં છે. એથી વધુ પ્રાચીન મનાય છે. આ સવાલ એક વાર મદ્રાસ કોર્ટની એક સુનાવણી દરમિયાન પણ જાગ્યો ત્યારે કોર્ટનો અભિપ્રાય શું રહ્યો એની વાત પાછળથી જાણીએ.

# યા તો તમે પીવો છો, યા તો તમે નથી પીતા, પણ ઓકેઝનલી પીવું એવું કશું હોતું નથી

અલ્કોહોલ બાબતે પુરુષો ઘણું ધુપ્પલ ચલાવતા હોય છે. ક્યાં તો પુરુષ આલ્કોહોલ લેતો હોઈ શકે અથવા એ આલ્કોહોલ ન લેતો હોય. પણ એમાં જે ઓકેશનલી, સોશિયલ ડ્રિંકિંગ જેવું કશું હોતું નથી. એ તો છોગું કહેવાય. વળી, આલ્કોહોલ બાબતે એક સૌથી મોટું સ્કેમ એ છે કે જ્યારે પણ કોઈ પૂછે કે તમે તમે ડ્રિંક કરો છો?' કે તમારા પતિ ડ્રિંક કરે છે?' તો આપણે ત્યાં સામાન્ય જવાબ હોય છે ઑફિસની પાર્ટી હોય ત્યારે જરા સિનિયર્સનું કે બોસનું માન રાખીને પીવું પડે! અરે ભાઈ, આ તે કંઈ વાત થઈ? કયો બોસ કે સિનિયર તમારી ના હોવા છતાં તમારા મોઢામાં બિયર કે વોડકા કે સ્કોચ નાખવા આવ્યો છે એ કહોને. માનવ અધિકારના ભંગ કે હેરેઝમેન્ટના ગુના અંતર્ગત આપણે તેને જેલમાં જતાં વાર નહીં લાગે! પરંતુ આ તો આપણે છીએ કે લેતા હોઈએ બહુ ચાઉંથી, પરંતુ લઈએ ત્યારે પણ આ જગત પર જાણે ઉપકાર કરતા હોઈએ એમ ઑફિસની પાર્ટીમા સિનિયર કે બોસની રિસ્પેક્ટ કરવા પી લઈએ છીએ! એના કરતા સિનિયર કે બોસને કામ જ સરખું કરીને આપતા હોય તો! એના ઠેકાણા નહીં હોય. પરંતુ ભાઈએ સિનિયર કે બોસની પાર્ટીમાં રિસ્પેક્ટ કરવી છે. ખૈર, આલ્કોહોલ લેવું કે ન લેવું એની ચર્ચા નથી કરવી અહીં. કે ઈવન આલ્કોલ સારો કે તે કેટલા પ્રમાણ પછી ખરાબ કે આલ્કોહોલ સાથે બાઈટિંગમાં શું ધ્યાન રાખવું એ વિશેની પણ કોઈ વાતો નથી કરવી. વાતો કરવી છે કે આલ્કોહોલ બાબતે કે પછી અનેક બાબતોએ



આપણે જે દંભ કરીએ એની! અને આ આખો કિસ્સો મને સૂઝ્યો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની છેલ્લી ફ્રાન્સની મુલાકાત પછી.

જ્યારે ફ્રાન્સની બે દિવસની મુલાકાતના પ્રસંગે ફ્રાન્સના પ્રમુખ ઈમ્યુનલ મેક્રોન દ્વારા મોદીજીના માનમાં ભવ્ય ડિનરનું આયોજન કર્યું હતું. એ ડિનરમાં ફ્રાન્સના ડિપ્લોમેટીક પ્રોટોકોલ મુજબ બધાને આલ્કોહોલ પીરસાયું હતું અને બધા સાથે મળીને ટોસ્ટ કરવાના હતા. તો મોદીજીએ પણ રસમ મુજબ ગ્લાસ હાથમાં લઈને ટોસ્ટ કર્યું, પરંતુ બીજાઓએ ટોસ્ટ કરીને ઘૂંટડો ભર્યો અને મોદીજીએ ગ્લાસ ટેબલ પર મૂકી દીધો! અગેઈન અહીં એમ નથી કહેવું કે જૂઓ મોદીજી આલ્કોહોલ નથી લેતા. શીખો કંઈક એમની પાસે! મોદીજી પાસે કશુંક બીજું શીખવું કે ન શીખવું એ વ્યક્તિગત પસંદગીની વાત છે. પરંતુ એક વાત તો શીખી જ શકાય કે આપણે પીએ છીએ કે નથી પીતાની કેટેગરીમાં આવીએ! એટલે કે આપણે નથી પીતા તો તો કોઈ પ્રશ્ર્ન જ નથી. પરંતુ જો બોસ કે સિનિયરના માથે ઠીકરું ફોડતા હોઈશું તો આપણે એ શીખવાનું છે કે જો આપણે એવા સત્યના પૂતળા હોઈએ તો મોદીજીની જેમ રહેવું. વર્લ્ડ મીડિયાની નજર તેમના પર હતી એ છતાં કે ફ્રાન્સના પ્રેસિડેન્ટને કેવું લાગશે એની ચિંતા કર્યા વિના તેમણે ગ્લાસ મૂકી દીધો. કારણ કે તેઓ ઓકેશનલી કે બીજાની રિસ્પેક્ટ કરવાના દંભમાં નહોતા! અને મજા તો ત્યારે આવી જ્યારે આખા વિશ્વે મોદીજીના એ જેસ્ચરના પણ વખાણ કર્યા કે વાહ ભાઈ કેવું પડે, આને કહેવાય ડિસિપ્લિન! એક રીતે જોવા જઈએ તો આવું વલણ કે આવા જેસ્ચર પણે એક બેસ્ટ લીડરની કે ઉત્તમ માણસની નિશાની છે. એ જ રીતે ઈમ્યુનલ મેક્રોન માટે પણ એ વાત લાગુ પડે કે તેણે પોતાના સ્ટેટ પ્રોટોકોલ મુજબનું આયોજન કર્યું અને પોતે જે કલ્ચર જીવે છે એ મુજબ ડ્રિંક લીધું. આખરે એમણે એમ તો નહીં જ કહ્યું હોયને, કે આ તો મોદીજી આવ્યા એટલે પીવું પડ્યું, બાકી હું તો પીતો જ નથી! આવું લક્ષણ સ્ટ્રોંગ માણસનું પણ લક્ષણ છે અને ખેલદિલ માણસનું પણ લક્ષણ છે. પરંતુ જે નબળા છે, જે પલાયનવાદી છે, જેમનો તેમની ઈન્દ્રીય પર કાબૂ નથી, જેમના સ્પોર્ટ્સમેનશિપનો અભાવ છે અથવા જેઓ પોતે જ પોતાની જાતને સ્વીકારવામાં ખચકાતા હોય એ લોકો જ આખી જિંદગી ઓકેશનલી કે સોશિયલ ડ્રિકિંગની વાત કરતા હોય છે. અરે યાર એટલિસ્ટ એટલું તો કરીએ કે આપણે આપણી જાતને સ્વીકારીએ! બીજા તો આમેય નથી જ સ્વીકારવાના આપણને પરંતુ આપણે જ આપણી જાતને કે આપણી અમુક આદતોને નહીં.

# મહાભારત આવું પણ હોઈ શકે



મને એક વાર એક બહેને પૂછેલું કે, મહાભારતની શરૂઆત ક્યારે થઈ હશે ? મેં એ બહેનના ગહન પ્રશ્નનો જવાબ પણ ગહન રીતે જ આપ્યો. આમ તો બહેન, આ પ્રશ્ર્નનો જવાબ હજી સુધી કોઈ આપી શક્યું નથી, પણ છતાં આપને મારી વિદ્વત્તા ઉપર માન હોય એટલે જવાબ તો આપવો જ રહ્યો જુઓ, બહેન, મહાભારત કેમ, ક્યારે, ક્યાં, કોના વડે, કોના વચ્ચે, કોની પ્રેરણાથી, કયા સ્થળે, કયા પ્રકારનું અને એમાં કયાં કયાં પ્રેરકબળોએ ભાગ ભજવ્યો એ હજી સુધી કોઈ કરતાં કોઈ સત્તાવાર રીતે કહી શક્યું નથી. પેલાં બહેન મારી વિદ્વત્તા અને વાક્પટુતા ઉપર ઓળઘોળ થઈ ગયાં હોય એમ એમની વિસ્ફારિત આંખો દ્વારા હું સમજી ગઈ અને એ પ્રભાવ હેઠળ એ બહેન, બીજી ભૂલ કરી બેઠાં અને વળતું પૂછી બેઠાંઃ તો પછી સાથે સાથે એનાં ઉત્તમ ઉદાહરણ પણ સમજાવો તો જરા એની ગહનતાનો વધુ ખ્યાલ આવે. અને એ પછી મેં મારી યુદ્ધ અંગેની ઉદાહરણોની વિદ્વત્તા અસ્ખલિત રીતે વહાવવી શરૂ કરી. જુઓ બહેન, કોઈ ઑડિટોરિયમમાં સરસ નાટક જોવા લોકોની મેદની ભેગી થઈ હોય, દરેકે ૨૦૦ રૂપિયાની મોંઘીદાટ ટિકિટ ખરીદી હોય. દૂર દૂરથી પેટ્રોલ ફૂંકીને આવ્યા હોય અને શો નવની જગ્યાએ ૧૦ વાગ્યે પણ ચાલુ ન થાય અને પછી અચાનક ઑડિયન્સને ખબર પડે કે નાટકનો હીરો હિરોઈન જોડે ખરેખરનો રફુચક્કર એટલે કે ભાગી ગયો છે અને હવે નાટક ભજવી શકાય એમ નથી. પછી જે ઑડિયન્સ ઉશ્કેરાય ને ભાંગફોડ કરે એ યુદ્ધનો જ એક પ્રકાર કહેવાયપ અહીં કોઈને પણ ક્યાં ખબર હતી કે યુદ્ધ ક્યાં, ક્યારે ને કેમ થવાનું છે? ઉદાહરણ બીજું કોઈ અગ્રણી સાંસદ છાયાવતી વડા પ્રધાન વિશે એકાદ વિસંવાદી કે એલફેલ વિધાન જાહેરમાં કરે અને પછી કેટલાક પક્ષ છાયાવતી તરફ અને કેટલાક પક્ષો વડા પ્રધાન તરફી મીડિયામાં તડાફડી મચાવે અને પ્રજા ઉપર કાળો કેર વર્તાવે એ પણ તો એક યુદ્ધ જ છે ને? એમાં પણ કોઈને ખબર હતી.

# તમે જિંદગી માણો છો કે વેડફો છો?



થોડા દિવસો પહેલાં એક સંશોધન આવ્યું હતું કે હવેની લાઈફ સ્ટાઈલ અને ખાસ કરીને વર્કલોડને કારણે પુરૂષોને હાર્ટ એટેક આવવાના ચાન્સ વધી ગયા છે. સાથે જ એમ પણ કહેવાયું છે કે જે પુષો યોગ્ય પ્લાનિંગ સાથે કામ નથી કરતા કે કામના મોરચે અસ્તવ્યસ્ત રહે છે એમને હાર્ટ એટેક આવવાના ચાન્સ બે ગણા થઈ ગયા છે! આ માટે એક સાથે દસ હજાર જેટલા પુષો પર એક રિસર્ચ પણ કરવામાં આવ્યું, જેમાં જાણવા મળ્યું કે પુષો મોટાભાગે કામ બાબતે અસ્તવ્યસ્ત રહે છે, તેમનું કામ લંબાવતા કે પાછું ઠેલતા રહે છે અને પછી ડેડલાઈન આવે ત્યારે કારણ વિનાની હાઈવોઈ કરીને અત્યંત સ્ટ્રેસમાં પોતાનું કામૂ કરતા હોય છે. આ તો ઠીક પોતાના કામના સમયે આ પુષોને સિગારેટ, ગુટકા, માવો કે વારંવાર અત્યંત સુગર સાથેની ચા પણ પીવા જોઈએ છીએ, જેની અત્યંત નકારાત્મક અસરો તેના શરીર પર પડી રહી છે. એક રીતે જોવા જઈએ તો આપણે માટે હાર્ટ એટેક એ ભૂકંપ કે ભૂસ્ખલન જેવી ઘટના છે. વિશ્વમાં કે દેશમાં અન્ય કોઈ પણ જગ્યાએ ભૂકંપ થયો હોય કે ભૂસ્ખલન થયું હોય તો આપણને એમ લાગે કે એ ખુંવારી આપણી સાથે નથી થઈ! એટલે જ આપણને એ ખુંવારી એક સમાચારથી વધુ નથી લાગતી અને આપણે ભૂકંપનો કે ભૂસ્ખલનનો ભોગ બનીએ તો આપણે શું કરવું જોઈએ એનો આપણને વિચાર નથી આવતો.

હાર્ટ એટેક બાબતે પણ એવું જ છે. આપણને એમ જ લાગે છે કે આપણે સેફ છીએ. આપણી સાથે એવું કશું ઘટી ન શકે! અને એટલે જ આપણે હૃદયને હંમેશાં નજરઅંદાજ કરી દઈએ છીએ. પરંતુ હૃદયને સીધો સંબંધ આપણી લાઈફ સ્ટાઈલ સાથે છે અને આપણે લાઈફ સ્ટાઈલ દિવસે ને દિવસે અત્યંત ખરાબ કરતા જઈ રહ્યા છીએ. આપણે એવું માનીએ છીએ કે આપણી પાસે લઝુકુરિયસ કાર આવી ગઈ એટલે કે પછી લક્ઝુરિયસ ફ્લેટ આવી ગયો એટલે કે પછી મજાના ગેઝેટ્સ આવી ગયા છીએ એટલે આપણે લાઈફ સરળ થઈ ગઈ! હા, અમુક કિસ્સામાં લાઈફ સરળ જરૂર બની છે.

BOLLYWOOD NEWS FLASH

# ફ્લાઈટમાં અભિનેત્રી દિવ્યા પ્રભા સાથે છેડતીની ઘટના



। મુંબઈ, તા.૧૨ ।

મલયાલમ અભિનેત્રી દિવ્યા પ્રભાએ કોચી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં એક પુરૂષ મુસાફર સામે સતામણીનો આરોપ લગાવીને પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ઘટના મંગળવારે (૧૦ ઓક્ટોબર) મુંબઈથી કોચી જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ છૈં ૬૮૧માં મુંબઈથી ફ્લાઈટ દરમિયાન બની હતી. ગઈકાલે રાત્રે, તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર, અભિનેત્રીએ આરોપ મૂક્યો હતો કે, એક સાથી યાત્રી નશામાં હતો અને તેને હેરાન કરી રહ્યો હતો. તેની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં અવ્યવસ્થિત ઘટનાનો ઉલ્લેખ કરતા, અભિનેત્રીએ એવો પણ આરોપ લગાવ્યો કે, એરલાઇનની ગ્રાઉન્ડ ઓફિસ અને ફ્લાઈટ ક્રૂની પ્રતિક્રિયા પણ નિરાશાજનક હતી. મહિલાએ શોક વ્યક્ત કર્યો કે, એર હોસ્ટેસને જાણ કરવા છતાં, ટેક-ઓફ પહેલા તેને બીજી સીટ પર સ્થાનાંતરિત કરવાની એકમાત્ર કાર્યવાહી કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે, અહીંના એરપોર્ટ પર ઉતર્યા પછી, આ મુદ્દાની જાણ એરપોર્ટ અને એરલાઇન અધિકારીઓને કરવામાં આવી હતી, જેમણે તેમને ત્યાંથી પોલીસ હેલ્પ પોસ્ટ પર મોકલ્યા હતા. અભિનેત્રીએ આ સંબંધમાં સ્થાનિક પોલીસમાં નોંધાવેલી ફરિયાદની કોપી પણ તેના ઈન્સ્ટાગ્રામ પેજ પર ઈમેલ દ્વારા શેર કરી છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે, કેવી રીતે નશામાં ધૂત પેસેન્જરે તેની સીટ પર કબજો જમાવ્યો અને ઉગ્ર દલીલો શરૂ કરી. દિવ્યાએ પેસેન્જર પર અયોગ્ય શારીરિક સંપર્ક સહિત દુર્વ્યવહારનો પણ આરોપ લગાવ્યો હતો. દિવ્યાએ કહ્યું, મેં તરત જ ફ્લાઈટમાં એર હોસ્ટેસને આ બાબતની જાણ કરી. પોસ્ટ શેર કરીને અભિનેત્રીએ લોકોને અપીલ કરી છે કે, મુસાફરોની સુરક્ષાના મહત્વ અંગે જાગૃતિ વધારવાની જરૂર છે.

# સાફ-સુથરી ફિલ્મો બનાવો ફેને એકતા કપૂરને કહ્યું



। મુંબઈ, તા.૧૨ ।

ટીવી ક્વીન એકતા કપૂર ઘણીવાર તેની ફિલ્મો અને સિરિયલો માટે હેડલાઈન્સમાં રહે છે. એકતા કપૂરની ફિલ્મ 'થેંક્સ ફોર કમિંગ' પણ ૬ઠ્ઠી ઓક્ટોબરે રિલીઝ થઈ હતી. આ ફિલ્મને એકતા કપૂર અને રિયા કપૂરે સંયુક્ત રીતે પ્રોડ્યુસ કરી છે. આ ફિલ્મને રિયા કપૂરના પતિ કરણ બોલાનીએ ડિરેક્ટ કરી છે. ફિલ્મ રિલીઝ થયા બાદ એકતા કપૂરે ટ્વિટર પર ચાહકોના સવાલોના જવાબ આપ્યા હતા. આ દરમિયાન એક ચાહકે એકતા કપૂરને રસપ્રદ સવાલ પૂછ્યો. જેના જવાબમાં એકતા કપૂરે પણ ફની જવાબ આપ્યો છે. ચાહકે એકતા કપૂરને કહ્યું, 'કૃપા કરીને સાફ સુથરી ફિલ્મો બનાવો.' તેના જવાબમાં એકતાએ પણ યોગ્ય ટિપ્પણી કરી. ફેન્સની વિનંતીના જવાબમાં એકતા કપૂરે કહ્યું, 'મારી ઉંમર પણ ૧૮ વર્ષથી વધુ છે, તેથી હું સાફ-સુથરી ફિલ્મો નહીં બનાવું' એકતા કપૂર આ દિવસોમાંપોતાની ફિલ્મને લઈને ચર્ચામાં છે. ફેન્સની વિનંતીના જવાબમાં એકતા કપૂરે કહ્યું, મારી ઉંમર પણ ૧૮ વર્ષથી વધુ છે.

# વ્હાઈટ ટ્રાન્સપરન્ટ સાડીમાં મનસ્વીએ આપ્યા કિલર પોઝ



। મુંબઈ, તા.૧૨ ।

પૂર્વ મિસ ઈન્ડિયા સુપરમોડલ મનસ્વી મમગાઈ સલમાન ખાનના વિવાદાસ્પદ શો 'બિગ બોસ ૧૭'માં જોવા મળી શકે છે. આ દરમિયાન મનસ્વીનું એક ફોટોશૂટ વાયરલ થઈ રહ્યું છે, જેમાં તે બીચ પર પોતાની બોલ્ડ સ્ટાઈલથી લોકોને દિવાના બનાવી રહી છે. ટીવીનો ફેમસ રિયાલિટી શો 'બિગ બોસ ૧૭' ટૂંક સમયમાં જ ટીવી પર ફરી ધમાલ મચાવશે. બિગ બોસની આ સિઝનમાં સ્પર્ધકોના દિલ અને દિમાગ સાથે રમતા જોવા મળશે. આ શોનું પ્રીમિયર ૧૫ ઓક્ટોબરે કલર્સ ટીવી પર થશે. 'બિગ બોસ ૧૭'માં ભાગ લેવા માટે ઘણા સ્પર્ધકોના નામ સામે આવ્યા છે. આ યાદીમાં સાગર પારેખ, ઈશા માલવિયા, અંકિતા લોખંડે, મમતા કુલકર્ણી અને સુપર મોડલ મનસ્વી મમગાઈનું નામ પણ ચર્ચામાં છે. જો રિપોર્ટ્સનું માનીએ તો મનસ્વી સલમાન ખાનના શોનો ભાગ હશે. હવે આ દરમિયાન, મનસ્વીની કેટલીક તસવીરો વાયરલ થઈ રહી છે.

# પ્રભાસ અને અનુષ્કાના થઈ ગયા લગ્ન, દીકરીને ખોળામાં રાખેલા જોવા મળ્યા કપલ



। મુંબઈ, તા.૧૨ ।

આ દિવસોમાં, પ્રભાસ અને અનુષ્કા શેટ્ટીના છૈં જનરેટેડ ફોટા સોશિયલ મીડિયા પર ઝડપ થી વાયરલ થઈ રહ્યા છે. આ તસવીરોમાં આ કપલ પરિણીત કપલ ??તરીકે જોવા મળી રહ્યું છે. પ્રભાસ અને અનુષ્કા શેટ્ટીએ પોતાના ઈન્ટરવ્યુમાં ઘણી વખત ઉલ્લેખ કર્યો છે કે તેઓ એકબીજાની ખૂબ નજીક છે. બંને એકબીજાના સુખ-દુઃખમાં સાથે ઉભા જોવા મળે છે, પરંતુ હવે AIએ તેમના લગ્ન કરી લીધા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ ફોટામાં 'બાહુબલી'ના કલાકાર પ્રભાસ અને અનુષ્કા શેટ્ટી વર-કન્યા તરીકે જોવા મળી રહ્યા છે.

# નેહા મલિકે બોલ્ડ પોઝ આપતા ફેન્સના ધબકારા વધ્યા



। મુંબઈ, તા.૧૨ ।

ભોજપુરી એક્ટ્રેસ નેહા મલિકે તેના કેટલાક ફોટો શેર કર્યા છે. આ તસવીરોમાં નેહા મલિક સ્વીમ સૂટમાં પહેરીને બોલ્ડ પોઝ આપતી જોવા મળી રહી છે. ભોજપુરી અભિનેત્રી નેહા મલિકની બોલ્ડ તસવીરો અવારનવાર સોશિયલ મીડિયા પર વાયરલ થતી રહે છે. સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેતી નેહા મલિક પોતાની બોલ્ડ તસવીરો ફેન્સ માટે શેર કરતી રહે છે. ભોજપુરી અભિનેત્રી નેહા મલિકને આજે કોઈ પરિચયની જરૂર નથી. તેમણે પોતાના દમ પર ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. પંજાબી અને ભોજપુરી આલ્બમ્સમાં કામ કરી ચૂકેલી અભિનેત્રી નેહા મલિક સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. અભિનેત્રીના સિઝલિંગ અવતાર પરથી નજર દૂર કરવી પણ ખૂબ મુશ્કેલ બની રહી છે. નેહા તેના પ્રોજેક્ટ્સ સિવાય તેના લુક્સને કારણે પણ ઘણી હેડલાઈન્સમાં રહે છે. નેહાની ફેન ફોલોઈંગ ઝડપથી વધી રહી છે. આ તસવીરોમાં નેહા ખૂબ જ હોટ લાગી રહી છે. ફેન્સ આ લુકને હોટ ગણાવીને ઘણી કોમેન્ટ પણ કરી રહ્યા છે.

# આરાધ્યાની ફી અભિષેક અને ઐશ્વર્યા ચૂકવે છે



। મુંબઈ, તા.૧૨ ।

તેના માતા-પિતાની જેમ આરાધ્યા પણ દાદા અમિતાભ બચ્ચન અને દાદી જયા બચ્ચનની પ્રિયતમ છે. માતા ઐશ્વર્યા રાય બચ્ચન સાથે બહાર જવા ઉપરાંત, આરાધ્યા ખંતથી અભ્યાસ કરે છે અને અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં પણ ભાગ લે છે. સમય સમય પર, ઐશ્વર્યા અને અભિષેક તેમની પુત્રીની સિદ્ધિઓની ઝલક ચાહકો સાથે શેર કરે છે. આરાધ્યા બચ્ચન ખૂબ જ આશાસ્પદ છે. અન્ય બોલિવૂડ સ્ટારકિડ્સની જેમ તે દેશની સૌથી મોંઘી અને લોકપ્રિય સ્કૂલમાં અભ્યાસ કરે છે. આ શાળા મુંબઈમાં છે. આરાધ્યા બચ્ચન જે સ્કૂલમાં અભ્યાસ કરે છે તેનું નામ ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલ છે. તે ભારતની ટોચની શાળાઓમાં આવે છે.

ધારાસભ્ય મહેશ ભૂરિયાનું સ્વાગત ચીફ ઓફિસર ડી.એમ.હઠીલા દ્વારા કરાયું

# ઝાલોદ નગરપાલિકા દ્વારા ધારાસભ્ય મહેશ ભૂરિયાની અધ્યક્ષતા હેઠળ અમૃત કળશ યાત્રા યોજવામાં આવી



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૨ ।

આખાં ભારત વર્ષમાં આઝાદીના અમૃત મહોત્સવ હેઠળ આઝાદીના ૭૫માં વર્ષની ઉજવણી થઈ રહેલ છે તે અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જે લોકોએ ભારતની સ્વતંત્રતામાં કે દેશની સેવા અથવા રાષ્ટ્રહિતમાં સમર્પિત થઈ પોતાનુ આજ ગુમાવી તેવા બહાદુર વીર સપૂતોએ બલિદાન આપેલ છે તે લોકોનું રૂણ ચૂકવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મારી માટી મારો દેશ અંતર્ગત અમૃત મહોત્સવ ઉજવી રહેલ છે. આ અમૃત મહોત્સવ અંતર્ગત દેશના નાનામાં નાના ગામ, નગર તેમજ મહાનગરથી લઈ આખાં ભારત દેશમાં ઉજવાઈ રહેલ છે.

ઝાલોદ નગરપાલિકા દ્વારા અમૃત કળશ યાત્રા ધારાસભ્ય મહેશ ભૂરિયાની અધ્યક્ષતા હેઠળ જૂની મામલતદાર કચેરી ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં બોની બેન કન્યા શાળાની બાલિકાઓ દ્વારા સુંદર સ્વાગત ગીત અને પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી ધારાસભ્ય મહેશ ભૂરિયા દ્વારા બાલિકાઓને સુંદર પ્રસ્તુતિ બદલ ૫૦૦૦ નું ઈનામ પણ આપેલ હતું. ત્યાર બાદ દિપ પ્રાગટ્ય કરી ઉપસ્થિત સહુ આમંત્રિત નગરજનોનું સ્વાગત કરવામાં આવેલ હતું.

ચીફ ઓફિસર ડી.એમ.હઠીલા દ્વારા ધારાસભ્ય મહેશ ભૂરિયાનું શાબ્દિક રીતે સ્વાગત કર્યા બાદ બંડી, ચાંદીનું કડું તેમજ તીર કામઠુ આપી સ્વાગત કરવામાં આવેલ હતું.



છેલ્લે ધારાસભ્ય મહેશ ભૂરિયા દ્વારા મેરી મીટ્ટી મેરા દેશ કાર્યક્રમમાં દેશ માટે શહીદ થનાર નામી અનામી તમામ વીરોને વંદન કરી રાષ્ટ્રનિર્માણ માટે વીર સેનાનીયોને યાદ કર્યા હતા અને આખું ભારત વર્ષ તેમજ દેશનો દરેક નાગરિક દેશ માટે ગર્વ લઈ રહેલ છે. ત્યાર બાદ છેલ્લે ઉપસ્થિત સહુ લોકોએ હાથમાં દેશની માટી લઈ પંચપ્રાણ પ્રતિજ્ઞા લીધી હતી.

અમૃત કળશ યાત્રા જૂની મામલતદાર કચેરી થી મીઠાચોક, શહિદ રાજેશ ચોક, ભરત ટાવર, સરદાર ચોક, આંબેડકર ચોક થઈ એ.પી.એમ.સી ખાતે પુરી થઈ હતી. રસ્તામાં દરેક જગ્યાએ અમૃત કળશ યાત્રાના રથને રોકી સહુ લોકોએ કળશમાં દેશની માટી મૂકી તેને વંદન કરતા જોવા મળેલ હતા. યાત્રા દરમ્યાન માર્ગમાં આવતા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ધારાસભ્ય મહેશ ભૂરિયા દ્વારા માલ્યાર્પણ અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી.

# ઝાલોદ નગરના માઈભક્તો સંઘ પગપાળા પાવાગઢ જવા રવાના

માઈભક્તોના સંઘ દ્વારા ખોડિયાર માતાના મંદિરે આરતી માતાના આશીર્વાદ લઇ યાત્રાએ જવા રવાના



। ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ જય માતાજી પગ પાળા સંઘના માઈભક્તોનું સંઘ ૧૧-૧૦-૨૦૨૩ ના બુધવારના દિવસે રાત્રીના ૮ વાગે પાવાગઢ પગપાળા જવા માટે નીકળ્યા હતા. માઈભક્તો દ્વારા સહુ પ્રથમ ખોડિયાર માતાના મંદિરે આરતી કરી પ્રસાદ લઈ મંદિરના પ્રાંગણમાં ઢોલ નગારા સાથે ગરબાની રમઝટ જમાવી બોલ માડી અંબે જય જય અંબેના જય જય કાર સાથે મંદિર માંથી નગરના માર્ગો પર થઈ પાવાગઢ પગપાળા જવા માટે નીકળ્યા હતા.

માઈભક્તોના સંઘને યાત્રા માટે શુભકામનાઓ આપવા માટે મોટા પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી પડેલ હતું. પગપાળા સંઘ જનાર સહુ માઈભક્તોની યાત્રા સફળ નીવડે તે માટે ઉપસ્થિત સહુ લોકોએ માઁ અંબા પાસે પ્રાર્થના કરી હતી.

# નવીન વર્ગખંડોનો ભૂમિપૂજન સમારોહ કાર્યક્રમ યોજાયો



। ઝાલોદ, તા.૧૨ ।

આજ રોજ નાળ ફળીયા વર્ગ પિછોડા પ્રાથમિક શાળામાં સમગ્ર શિક્ષા અંતર્ગત નવીન ૭ ઓરડાના બાંધકામ માટેનો ''ભૂમિપૂજન સમારોહ'' કાર્યક્રમ ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી અને દાહોદ જિલ્લાના સાંસદ જશવંતસિંહ.એસ.ભાભોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં ફતેપુરા મતવિસ્તારના ધારાસભ્ય રમેશ કટારા, દાહોદ ભાજપા અધ્યક્ષ શંકર અમલિયાર, દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એન.ડી.મુનિયા, જીલા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સુરતાન કટારા તેમજ અન્ય સંજેલી તાલુકાના હોદ્દેદારો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહયા હતા. ગામમાંથી ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા અને શાળાના નવીન સાત ઓરડાઓ મંજુર થતા આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

# રાજ્યમાં નાગરિકોને મળતી આરોગ્ય સેવામાં વધારોઃ નવી ૮૨ એમ્બ્યુલન્સો નાગરિકોની સેવામાં કાર્યરત

નાગરિકોને ૨૪૮૭ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ




। ગાંધીનગર, તા.૧૨ ।

આજે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ગાંધીનગર ખાતેથી ૫૦ નવી ૧૦૮ એમ્બ્યુલન્સો અને જિલ્લા તેમજ પેટા જિલ્લા હોસ્પિટલો માટે નવી કુલ ૩૨ એમ્બ્યુલન્સોનું લોકાર્પણ કર્યુ હતું.

રાજયનાં નાગરિકોને ૨૪૮૭ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે તેમ જણાવતા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું કે, નવી ૮૨ એમ્બ્યુલન્સો નાગરિકોની સેવામાં કાર્યરત કરવામાં આવી છે. પ્રિ-હોસ્પિટલ કેર સાથે દર્દીને ઝડપથી હોસ્પિટલ પહોંચાડવામાં ૧૦૮ એમ્બ્યુલન્સનું અમૂલ્ય યોગદાન રહેલું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં શરૂ કરાયેલી આરોગ્યલક્ષી ૧૦૮ ઈમરજન્સી સેવાનું માળખું આજે અન્ય રાજ્યો માટે એક આદર્શ મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતના તમામ જિલ્લાના શહેરો, તાલુકા અને છેવાડાના ગામ સુધી ૧૦૮ ઈમરજન્સી સેવા ૨૪૮૭ વિનામૂલ્યે ઉપલબ્ધ થઈ રહી છે, જે નાગરિકો માટે આશિર્વાદ સમાન છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, તમામ પ્રકારની મેડિકલ ઈમરજન્સી જેવી કે હદયરોગ, કેન્સર, કીડની,પ્રસૂતિ સંબંધિત, ઝેરી જીવજંતુ કરડવું, મારામારીમાં ઘવાયેલ, ગંભીર બીમારી અને દાઝી જવાથી થતી ગંભીર ઈજાઓ, રોડ અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત, બીમાર નવજાત શિશુ વગેરે જેવી મેડિકલ ઈમરજન્સીમાં ૨૪ કલાક કાર્યરત અધ્યતન એમ્બ્યુલન્સ સેવા નિઃશુલ્ક મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા ૧૦૮ ઈમરજન્સી મેડિકલ સર્વિસ યોજના અમલી છે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ કે, ૧૦૮ સેવાની વધતી લોકપ્રિયતા, વિશ્વસનિયતા અને તેની કાર્યક્ષમતાના કારણે લોકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કાર્યરત એમ્બ્યુલન્સ તેમજ તેની ટેકનોલોજીમાં જરૂરી અપ ગ્રેડેશન અને એમ્બ્યુલન્સના સ્ટાફને તાલીમ આપ વા માટે અધ્યતન ટ્રેનીંગ સેન્ટર, રિસર્ચ સેન્ટર તથા તાલીમાર્થીઓને રહેવાની સગવડ માટે હોસ્ટેલ વગેરે ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવામાં આવ્યું છે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ કે, ૧૦૮ ઈમરજન્સી મેડીકલ સેવા હેઠળ પ્રતિ માસ સરેરાશ ૪૨ લાખ કિ.મીનું સંચાલન કરવામાં આવે છે. આ સેવાની ગુણવત્તા તેમજ પ્રતિસાદ સમય જાળવી રાખવા આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવે છે. ૧૦૮ સેવાનો વ્યાપ, એમ્બ્યુલન્સના કાફલાની કાર્યક્ષમતા અને ગુણવતા વધે તે માટે જૂની થયેલ એમ્બ્યુલન્સોને બદલવા માટે રાજય સરકાર દ્વારા પ્રતિ વર્ષ નવી એમ્બ્યુલન્સોની બજેટમાં જોગવાઈ કરવામાં આવે છે. આ અનુસંધાને જૂની થયેલ એમ્બ્યુલન્સોને તબદીલ કરવા માટે કુલ-૫૦ નવી એમ્બ્યુલન્સોનુ લોકાર્પણ કરવામાં આવ્યું છે.

# વલસાડ જિલ્લામાં ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન બન્યુ જનજાગૃતિનું માધ્યમ, ઠેર ઠેર યોજાઈ રહ્યા છે વિવિધ કાર્યક્રમો

। વલસાડ, તા.૧૨ ।

''સ્વચ્છતા હી સેવા'' અભિયાન હેઠળ તા. ૧૨ ઓક્ટોબરને ગુરૂવારે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પાનવા ગામમાં સ્વચ્છતા અભિયાન, હેન્ડવોશ, સ્વચ્છતા રેલી અને વૃક્ષારોપણ કરાયુ હતું. કપરાડા તાલુકાના કેટકી ગામમાં સ્વચ્છતા અભિયાન, હેન્ડવોશ, સ્વચ્છતા રેલી અને સ્વચ્છતા શપથનું આયોજન કરવામાં આવ્યુ હતું. પારડી તાલુકાના ખડકી ગામમાં સફાઈ અભિયાન હાથ ધરાયુ હતું. ઉમરગામ તાલુકાના તડગામમાં સ્વચ્છતા રેલી, સ્વચ્છતા શપથ, સ્વચ્છતા સામે જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરાયુ હતું. વલસાડ તાલુકાના અટકપારડી ગામમાં સ્વચ્છતા, આરોગ્ય કેમ્પ, સ્વચ્છતા અંગેના શપથ લેવાયા હતા. જ્યારે વાપી તાલુકાના મોટી તંબાડી ગામમાં સફાઈ અભિયાન, હેન્ડવોશ અને સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાના કાર્યક્રમો યોજાયા હતા. સમગ્ર જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન જોર શોરથી ચાલી રહ્યું છે. ગ્રામજનો મોટી સંખ્યામાં આ અભિયાનમાં જોડાઈને પોતાનું ઘર, ફળિયું અને ગામમાં સ્વચ્છતા અંગે જાગૃત બન્યા છે. જેને લઈ કેન્દ્ર અને રાજ્ય સરકારનો સ્વચ્છ ભારત નિર્માણનો હેતુ ચરિતાર્થ થઈ રહ્યો છે.

# છોટા ઉદેપુરના સાંસદ ગીતાબેન રાઠવાની પ્રેરક ઉપસ્થિતિમાં ખેડૂતો માટે વિશેષ કાર્યક્રમ યોજાયો

। છોટાઉદેપુર, તા.૧૨ ।

છોટાઉદેપુરના સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવાની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કોમ્પોનેન્ટ ૨.૦) અંતર્ગત ગરુડેશ્વર તાલુકાના ભાણદ્રા ખાતે ખેડૂતો માટે આયોજિત સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવાએ જણાવ્યું કે, પ્રત્યેક ખેડૂત ખુશહાલ અને સમૃદ્ધ બને તેવા વડાપ્રધાનશ્રીના સ્વપ્રને સાચા અર્થમાં સાકાર કરવા માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત તિલકવાડા અને ગરૂડેશ્વર તાલુકાના કુલ ૩૫ જેટલા ખેડૂતમિત્રોને કરવામાં આવેલા ખેતીવાડીના સાધન-સહાયનું વિતરણ સરકારશ્રી દ્વારા ખુબ સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે. સાંસદશ્રીએ વધુમાં ખેડૂતોને સરકારશ્રીની યોજનાકીય માહિતીથી પરિચિત થઈને વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

# આણંદ ખાતે આજે ''વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ આણંદ'' કાર્યક્રમ યોજાશે

મનીષ પ્રજાપતિ

। આણંદ, તા.૧૨ ।

આણંદ, ગુરૂવાર : વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ફ્લેગશીપ ઈવેન્ટના ભાગરૂપે આણંદ ખાતે આજે તા. ૧૩ મી ઓકટોબરના રોજ ''વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ જિલ્લા આણંદ'' કાર્યક્રમ યોજાશે.

આણંદ સ્થિત સરદાર પટેલ બેંક્વેટ હોલ, ૮૦ ફૂટ રોડ, આણંદ ખાતે સવારે ૯-૩૦ કલાકે યોજાનાર આ ''વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ આણંદ કાર્યક્રમ'' માં મુખ્ય મહેમાન તરીકે ગુજરાતના લઘુ સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગના રાજય મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા (પંચાલ) ઉપસ્થિત રહેશે. જયારે નાયબ મુખ્ય દંડકશ્રી રમણભાઈ સોલંકી, સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ સહિત જિલ્લાના ધારાસભ્યશ્રીઓ પ્રેરક ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં વિવિધ ઔદ્યોગિક એકમો સાથે એમ. ઓ. યુ. કરાશે. તથા કાર્યક્રમ દરમિયાન ક્રેડિટ-લિંકેજ સેમિનાર અને એક્સપોર્ટ સેમિનાર પણ યોજાવામાં આવશે. જેમાં ઉપસ્થિત તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે. આ ઉપરાંત કાર્યક્રમના સ્થળે વિવિધ ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે પ્રદર્શન ઉભૂ કરવામાં આવ્યું છે. જેમાં બેંકિંગ, નાણાંકીય સેવાઓ, એમ.એસ.એમ.ઈ. લોન, આર. એસ.ઈ.ટી.ઈ., બાગાયત પાકો તથા ખેતીને સંલગ્ન, ઔદ્યોગિક એકમો અને ઓ.ડી.ઓ.પી. આર્ટીજન હેઠળ આવતી પ્રોડક્ટસના વિવિધ પ્રકારના સ્ટોલ્સ ઉભા કરવામાં આવશે.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ અર્થે કેવડિયા ખાતે ૨૬ ઓક્ટોબરે શિક્ષણ સમિટનું આયોજન

શિક્ષણ સમિટનું ઉદ્દઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે, કેન્દ્રિય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની ઉપસ્થિતિમાં થશે

। ગાંધીનગર, તા.૧૨ ।

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-2020ના વિવિધ પાસાઓ અંગે ચર્ચા અને વિચાર-વિમર્શ કરવા માટે રાજ્યનાં શિક્ષણ વિભાગ દ્વારા આગામી તા.૨૬ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ નર્મદા જિલ્લાના ટેન્ટ સિટી-૨, કેવડિયા ખાતે એક દિવસીય શિક્ષણ સમિટ ''વેસ્ટર્ન ઝોન વાઈસ ચાન્સેલર્સ કોન્ફરન્સ ઓન ઈમ્પ્લિમેન્ટેશન ઓફ નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦''નું આયોજન કરવામાં આવ્યુ છે.

આ શિક્ષણ સમિટનું ઉદઘાટન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે, કેન્દ્રિય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન, ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, શિક્ષણ રાજય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, ભારત સરકારના UGCના ચેરમેન પ્રો. એમ. જગદેશકુમાર, ભારત સરકારના AICTE ના ચેરમેન પ્રી. ટી. જી. સીતારામની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાત, મહારાષ્ટ્ર, દીવ, દમણ, ગોવા અને દાદરા નાગર હવેલી જેવા રાજ્યો અને કેન્દ્રસાશિત પ્રદેશોની યુનિવર્સિટીઓના ૪૦૦થી વધુ મહાનુભાવો વાઈસ ચાન્સેલર અને NEP કોઓર્ડિનેટર જોડાશે. એટલુ જ નહિ, વિવિધ પ્રસિદ્ધ સંસ્થાઓનાં ૨૦ સ્પીકર્સ NEP-2020નાં મુખ્ય ક્ષેત્રો પર ચર્ચા કરશે. આ કોન્ફરન્સનું આયોજન વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪ની પ્રી વાઈબ્રન્ટ સમિટના ભાગરૂપે કરવામાં આવ્યુ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ પર ''અખિલ ભારતીય શિક્ષા સમાગમ'' વિષય પર તા ૭, ૮ અને ૯ જુલાઈ, ૨૦૨૨ના રોજ વારાણસી, ઉત્તર પ્રદેશ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજની ઉપસ્થિતિમાં એજ્યુકેશન સમિટનું આયોજન કરવામાં આવ્યુ હતું. તેના "Way Forward" અંતર્ગત આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડાના સહયોગથી નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ના અમલીકરણ પર પશ્ચિમ ઝોનના વાઈસ ચાન્સલર્સ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં મુખ્ય રાષ્ટ્રીય પહેલ તેમજ ઉભરતા વૈશ્વિક વિષયો પર વક્તાઓ દ્વારા ચર્ચા કરવામાં આવશે તથા NEP-2020નાં મુખ્ય ક્ષેત્રોનાં અમલીકરણની વ્યૂહરચનાઓ, શ્રેષ્ઠ પદ્ધતિઓ, નવીન વિચારો અને સફળતાની ગાથાઓ પર પ્રકાશ પાડશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે. તે બીજ છે-આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે, તેના ગુસ્સા પર નારાજ થવા કરતા તેના શબ્દો ને સમજવું વધુ સારું રહેશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે. રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સફળતાભર્યો દિવસ કેમ કે લાંબા સમયથી જેની વાટ જોવાતી હતી.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો. તેમને ફરિયાદ કરવાની કોઈ તક ન આપો. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે.

### લોકોને ઘરમાં રહેવાની ચેતવણી

# ઇઝરાયલની સૈન્યનો દાવો, લેબનોન તરફથી થઇ ઘૂસણખોરી

## ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલી લડાઈમાં બંને તરફથી લગભગ ૩,૬૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે

। નવી દિલ્હી, તા.૧૨ ।

સમાચાર એજન્સી એએફપીના અહેવાલ મુજબ ઈઝરાયેલ-ગાઝા યુદ્ધના પાંચમા દિવસે (બુધવાર, ૧૧ ઓક્ટોબર) મૃત્યુઆંક લગભગ ૩,૬૦૦ પર પહોંચી ગયો છે. દરમિયાન, ઈઝરાયેલના સૈન્યએ દાવો કર્યો હતો કે લેબનોનથી દેશના એરસ્પેસમાં શંકાસ્પદ ઘૂસણખોરી થઈ છે. સેનાના હોમ ફ્રન્ટ કમાન્ડે લેબનોનની સરહદ નજીક દેશના ઉત્તર ભાગમાં આવેલા બીટ શીન, સફેદ અને તિબરિયાસ શહેરોના રહેવાસીઓને મોટા પાયે હુમલાના ભયને કારણે આગામી સૂચના સુધી ઘરમાં જ રહેવાની સલાહ આપી છે. આ ઉપરાંત, ઉત્તરીય સરહદ નજીકના ઘણા શહેરોમાં રોકેટ સાયરન પણ સતત વાગતા રહ્યા હતા. એએફપીના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે અગાઉ લેબનોનના આતંકવાદી જૂથ હિઝબુલ્લાહે કહ્યું હતું કે વધતા સરહદી તણાવ વચ્ચે આ સપ્તાહની શરૂઆતમાં ઈરાન સમર્થિત જૂથના ત્રણ સભ્યો માર્યા ગયા બાદ તેણે ઈઝરાયેલ પર મિસાઈલો છોડી હતી. જે બાદ ઈઝરાયલ તરફથી વળતી કાર્યવાહી કરવામાં આવી હતી. રિપોર્ટમાં હિઝબુલ્લાહને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે હિઝબુલ્લાહે યહૂદી (ઈઝરાયેલ) હુમલાનો જડબાતોડ જવાબ આપ્યો અને ગાઈડેડ મિસાઈલોથી ધાયરા ગામને નિશાન બનાવ્યું હતું. આ દરમિયાન ઘણા લોકો શહીદ થયા. ઈઝરાયેલે કહ્યું કે તેણે દક્ષિણ લેબેનોનમાં હિઝબુલ્લાહની લશ્કરી પોસ્ટ્સમાંથી એક પર હુમલો કર્યો હતો. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલી લડાઈમાં બંને તરફથી લગભગ ૩,૬૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. યુદ્ધ વચ્ચે ગાઝાના એકમાત્ર પાવર પ્લાન્ટમાં ઈંધણ સમાપ્ત થઈ ગયું અને ત્યાંનો વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. આ સિવાય ઈઝરાયલે વીજળી પણ કાપી નાખી હતી. જેના કારણે ગાઝામાં સંપૂર્ણ વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે.



### પાટા પરથી ટ્રેન ઉતરી ગયા બાદનાં કરુણ વીડિયો આવ્યા સામે

# બિહારના બક્સર રેલ અકસ્માતમાં ચાર લોકોનાં મોત નિપજ્યા

## સીબીએસઈએ શાળાઓને પ્રાથમિકથી ધોરણ ૧૨ સુધી ભારતીય ભાષાઓમાં શિક્ષણ આપવા મંજૂરી મળી શકે

। બક્સર, તા.૧૨ ।

ગઈકાલે રાત્રે એક મોટા સમાચાર બિહારના બક્સરથી સામે આવ્યા છે, જ્યાં નવી દિલ્હીના આનંદ વિહાર સ્ટેશનથી કામાખ્યા ધામ જતી નોર્થ એક્સપ્રેસના અકસ્માતમાં ઓછામાં ઓછા ૪ લોકોના મોત થયા છે. આ અકસ્માતમાં લગભગ ૮૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. બક્સરના ડીએમ અંશુલ અગ્રવાલે મૃતકોની સંખ્યાની પુષ્ટિ કરી છે. સવાર સુધીમાં મળતી માહિતી મુજબ, ટ્રેનના ૨૧ બોગી ખરાબ રીતે પાટા પરથી ઉતરી ગયા હતા. આ કોચમાં હજુ પણ ઘણા મુસાફરો પણ અટવાયા છે. જેના કારણે મુસાફરોની હાલત નાજુક હોવાનું કહેવાય છે. અકસ્માત બાદ ઘટનાસ્થળે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. ઘટના સ્થળે રાહત કાર્યમાં લાગેલા લોકોએ જણાવ્યું કે અત્યાર સુધીમાં પાંચ મૃતદેહો મળી આવ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લા મેજિસ્ટ્રેટે પણ ચાર મૃત્યુની પુષ્ટિ કરી છે. રાહત કાર્યમાં લાગેલા લોકોએ માહિતી આપી હતી કે ૫૦-૫૨ લોકો ઘાયલ થયા છે. પટનાથી NDRFની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. બક્સર ઉપરાંત અરાહ અને પટનાથી પણ ડૉક્ટરોની ટીમ એમ્બ્યુલન્સ સાથે રવાના થઈ ગઈ છે. આ દરમિયાન બક્સરના સાંસદ અશ્વિની ચૌબે પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની ચૌબેએ પટના એઈમ્સના ડાયરેક્ટર સાથે ફોન પર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ગંભીર દર્દીઓને સીધા પટના એઈમ્સમાં



લઈ જવામાં આવશે. આ દુર્ઘટના અંગે બક્સરના બીજેપી સાંસદ અને કેન્દ્રીય મંત્રી અશ્વિની ચૌબેએ કહ્યું હતું કે, ’મને આના સમાચાર મળતા જ મેં તુરંત જ રેલવે મંત્રી, NDRF, SDRF, બિહારના મુખ્ય સચિવ, જિલ્લા મેજિસ્ટ્રેટ વગેરેને જાણ કરી હતી. હું લોકોને અપીલ કરીશ કે મોટી સંખ્યામાં આવે અને પીડિતોને મદદ કરે. આ ઘટનાનું કારણ જાણવામાં આવી રહ્યું છે. ટ્રેન નંબર ૧૨૫૦૬ આનંદ વિહાર (ટી) - કામાખ્યા ઉત્તરપૂર્વ એક્સપ્રેસ આજે લગભગ ૨૧-૫૩ કલાકે બિહારના બક્સર જિલ્લામાં રઘુનાથપુર નજીક પાટા પરથી ઉતરી ગઈ હતી. પૂર્વ મધ્ય રેલ્વેના વરિષ્ઠ રેલ્વે અધિકારીઓ પહેલેથી જ તબીબી ટીમ સાથે અકસ્માત સ્થળ પર છે. ટ્રેન ૧૨૫૦૬ પાટા પરથી ઉતરી ગઈ હતી. જરૂરિયાતમંદ લોકો આ હેલ્પલાઈન નંબરો પર સંપર્ક કરી શકશે.

### ટ્વિટરે સપ્ટેમ્બર મહિના માટે સેફ્ટી રિપોર્ટ જાહેર કર્યો છે

# ટ્વિટરે ૫ લાખથી વધુ ભારતીય એકાઉન્ટ પર પ્રતિબંધ મૂક્યો

। નવી દિલ્હી, તા.૧૨ ।

IT નિયમો ૨૦૨૧ હેઠળ, તમામ મોટી સોશિયલ મીડિયા કંપનીઓએ દર મહિને વપરાશકર્તા સુરક્ષા રિપોર્ટ જાહેર કરવો પડશે. આ નિયમ હેઠળ, ટ્વિટરએ સપ્ટેમ્બર મહિના માટે રિપોર્ટ જાહેર કર્યો છે અને કંપનીએ મોટી સંખ્યામાં ભારતીય એકાઉન્ટ્સ પર કાર્યવાહી કરી છે. ઈલોન મસ્કના ટ્વિટરે ૨૬ ઓગસ્ટથી ૨૫ સપ્ટેમ્બર વચ્ચે ૫,૫૭,૭૬૪ ભારતીય એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. આમાંના મોટાભાગના એકાઉન્ટ્સ કંપનીના નિયમોની વિરુદ્ધ જઈને બાળ જાતીય દુર્વ્યવહાર અને બિન-સહમતિયુક્ત નગ્નતાને પ્રોત્સાહન આપતા હતા. એટલે કે, પ્લેટફોર્મ પર નગ્નતા પોસ્ટ કરવામાં આવી રહી હતી. આ સમયગાળા દરમિયાન, કંપનીએ આતંકવાદને પ્રોત્સાહન આપતા આવા ૧,૬૭૫ એકાઉન્ટ્સ પણ કાયમી ધોરણે બંધ કરી દીધા છે. એકંદરે, કંપનીએ ૨૬ ઓગસ્ટથી ૨૫ સપ્ટેમ્બર વચ્ચે પ્લેટફોર્મ પરથી ૫,૫૯,૪૩૯ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. આ સમયગાળા દરમિયાન કંપનીને ૩,૦૭૬ ફરિયાદો મળી હતી. તેમાંથી, કંપનીએ ૧૧૬ ફરિયાદો પર કાર્યવાહી કરી હતી જે એકાઉન્ટ સસ્પેન્શન વિરુદ્ધ અપીલ કરતી હતી. જો કે, પરિસ્થિતિની વિગતવાર સમીક્ષા કર્યા પછી, કંપનીએ આમાંથી ૧૦ એકાઉન્ટને પુનઃસ્થાપિત કર્યા છે જ્યારે બાકીના બધાને કાયમ માટે પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. માસિક સુરક્ષા અહેવાલમાં, કંપનીએ જણાવ્યું હતું કે સૌથી વધુ ફરિયાદો દુરુપયોગ/સતામણી (૧,૦૭૬) વિશે છે. આ પછી, ધૃણાસ્પદ વર્તન (૧,૦૬૩), બાળ જાતીય શોષણ (૪૫૦) અને સંવેદનશીલ પુખ્ત સામગ્રી (૩૩૨) માટે ફરિયાદો મળી હતી. ગયા મહિને, ૨૫ જુલાઈથી ૨૬ ઓગસ્ટની વચ્ચે, કંપનીએ ૧૨,૮૦,૧૦૭ ખાતાઓ પર પ્રતિબંધ મૂક્યો હતો, જ્યારે જૂન મહિનામાં, ૧૮,૫૧,૦૨૨ ખાતા કાયમ માટે બંધ કરવામાં આવ્યા હતા. જો તમે પણ પ્લેટફોર્મ પર આવી પ્રવૃત્તિઓમાં સામેલ છો, તો કંપની તમારા એકાઉન્ટને પણ પ્રતિબંધિત કરી શકે છે.

# ટેસ્લાની સુપરચાર્જર્સ ઈઝરાયેલમાં મફત આપવા એલોન મસ્કની જાહેરાત

## ઈઝરાયેલમાં ઓછામાં ઓછા ૧૭ સક્રિય સુપરચાર્જર્સ છે

। વોશિંગ્ટન, તા.૧૨ ।

ઈઝરાયેલ અને પેલેસ્ટિનિયન આતંકવાદી સંગઠન હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ છે. આ યુદ્ધમાં બંને તરફથી અત્યાર સુધીમાં હજારો લોકો માર્યા ગયા છે. તમને જણાવી દઈએ કે આ યુદ્ધ ૭ ઓક્ટોબરે શરૂ થયું હતું, જ્યારે હમાસે ગાઝા પટ્ટીથી ઈઝરાયેલ પર રોકેટ વડે હુમલો કર્યો હતો. દરમિયાન, ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક બુધવારે તેના એક્સહેન્ડલ (ટ્વિટર) પર એક પોસ્ટ દ્વારા જાહેરાત કરી છે કે તમામ ટેસ્લા સુપરચાર્જર આગળની સૂચના સુધી ઈઝરાયેલમાં મફત રહેશે. કંપનીની વેબસાઈટ અનુસાર, ઈઝરાયેલમાં ઓછામાં ઓછા ૧૭ સક્રિય સુપરચાર્જર્સ છે, જે ઉત્તર ઈઝરાયેલથી તેલ અવીવ અને જેરુસલેમથી લેબનીઝ સરહદ નજીક ઈલાઈટ સુધી ફેલાયેલા છે, જે લાલ સમુદ્ર પર ઈઝરાયેલના દક્ષિણ છેડે છે. આ પહેલા પણ મસ્કે ઘણા દેશોમાં લોકોની મદદ માટે સુપરચાર્જર સ્ટેશન ફ્રીમાં બનાવ્યા હતા. ફ્લોરિડામાં આવેલા વાવાઝોડા અને કેલિફોર્નિયાના જંગલમાં લાગેલી આગ દરમિયાન તેમના દ્વારા આવી જ જાહેરાત કરવામાં આવી હતી. અગાઉ તેણે યુક્રેનના યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં ચાર્જર સ્ટેશનનો મફત ઉપયોગ કરવાની પણ જાહેરાત કરી હતી.

# ઈઝરાયેલની ઇનબાર લિબરમેની ટીમે ૨૫ આતંકીઓને ઢાળી દીધા

## ૫ આતંકી આ મહિલાની ગોળીઓનો નિશાન બન્યા હતા

। તેલઅવિવ, તા.૧૨ ।

ગત સપ્તાહ ઈઝરાયલ પર હમાસના હિચકારા હુમલાથી ખૂબ જાનહાની થઇ છે. ઈઝરાયેલના ૧૨૦૦થી વધુ નાગરિકોના મોત થયા છે જેમાં ૧૦૦ કરતા પણ વધારે ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સના જવાનો છે. ઈઝરાયેલ પોતાની સ્થાપના થયા પછીના ઈતિહાસમાં ઘર આંગણે આવી કરુણાંતિકા જોઈ નથી. ઈઝરાયેલની પ્રજા પરાક્રમી છે અને શસ્ત્રો ચલાવવાનું જાણે છે. ઈઝરાયેલની મહિલાઓ પણ લડાઈમાં પાછી પાની કરતી નથી તે વાત ઈનબાર લિબરમેન નામની મહિલાએ સાબીત કર્યુ છે. લિબરમેનના પરાક્રમની સોશિયલ મીડિયા પર લોકો ખૂબ વખાણ કરી રહયા છે. ૨૫ વર્ષની આ મહિલાએ હમાસના આતંકીઓનો સામનો કર્યો હતો. ઈઝરાયેલ પર હુમલો થયો હોવાની શંકા થતા લિબરમેને ગામના લોકોનું એક ગ્રુપ તૈયાર કર્યુ હતું. કિબુત્ઝ નામની વસાહત પાસે હમાસના ૨૫ આતંકીઓને ઢાળી દીધા હતા. જેમાંથી ૫ આતંકીઓ આ એકલી મહિલાની ગોળીઓનો જ નિશાન બન્યા હતા. જો આ મહિલાએ અગમચેતી જઇને હમાસના આતંકીઓનો સામનો કર્યો ન હોતતો ઈઝરાયેલની સામૂહિક વસાહત ગણાતા કિબૂત્ઝને આતંકીઓએ બરબાદ કરી નાખ્યું હોત.

### હમાસને મદદ કરવાનો ઈરાન પર આરોપ

# હમાસને મદદ કરવાની સામે ઈરાનને અમેરિકાની ચેતવણી

## બાયડેનને યુએસની ઈઝરાયેલને મદદ અને યુદ્ધ ક્ષેત્રમાં યુએસ દળોની તૈનાતીથી ઈરાનીઓને સાવચેત રહેવા કહ્યું

। વોશિંગ્ટન, તા.૧૨ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈરાન પર પેલેસ્ટિયન આતંકવાદી સંગઠન હમાસને મદદ કરવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ એ ઈરાનને ચેતવણી આપી દીધી છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેનને ઈરાનને અમેરિકા દ્વારા ઈઝરાયેલનેમોકલવામાં આવી રહેલી મદદ અને યુદ્ધ ક્ષેત્રમાં અમેરિકન યુદ્ધ જહાજો, ફાઈટર પ્લેનની તૈનાતીથી ઈરાનીઓને સાવચેત રહેવા સ્પષ્ટ શબ્દોમાં કહી દીધુ છે. જો બાયડેને ગઈકાલે વ્હાઈટ હાઉસમાં કહ્યું હતું કે ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે ફરીથી વાત કરી છે અને ઈઝરાયેલ યુદ્ધના નિયમો અનુસાર કોઈપણ કાર્યવાહી કરવી જોઈએ. બાયેડેન વધુમાં જણાવતા બોલ્યા હતા કે નેતન્યાહુને હુ ૪૦ વર્ષથી ઓળખું છું અને અમારી વચ્ચે ખૂબ જ સ્પષ્ટ સંબંધ છે અને મે એક વાત કહી છે કે ઈઝરાયેલ ગુસ્સા અને હતાશામાં પણ યુદ્ધના નિયમો અનુસાર પગલા લે તે ખુબ જ મહત્વપૂર્ણ છે. બાયડેને વધુમાં કહ્યું હતું કે ઈઝરાયેલ સરકાર દેશને એક કરવા માટે પોતાની તમામ તાકત લગાવીને બધા પગલા ભરી રહી છે અને યુનાઈટેડ સ્ટેટ્સ પણ ઈઝરાયેલની સફળતા સુનિશ્ચિત કરવા માટે પોતાની તાકાત લગાવીને શક્ય તેટલી મદદ કરી રહી છે.

## હમાસનું પૃથ્વી પરથી અસ્તિત્વ જ મિટાવી દઈશું : નેતન્યાહૂ

। તેલએવિવ, તા.૧૨ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધની સ્થિતિ દરમિયાન ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે હમાસનું અસ્તિત્વ જ પૃથ્વી પરથી મિટાવી દઈશું. તેમણે કહ્યું કે પેલેસ્ટિની આતંકી સમૂહના તમામ આતંકીઓના મોત હવે નિશ્ચિત છે. શનિવારે હમાસ તરફથી ઈઝરાયલ પર ભયાનક હુમલા બાદ પ્રથમ વખત નેતન્યાહૂએ હમાસનો ખાત્મો બોલાવી દેવા વિશે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે હમાસ દાએશ જેવું છે જેને ઈસ્લામિક સ્ટેટ સમૂહ તરીકે ઓળખવામાં આવતું હતું. અમે હમાસનો અંત લાવી દઈશું જે રીતે દાએશને દુનિયાને ખતમ કરી દીધો.

### વિશેષ | માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને કચ્છ જિલ્લાના મુન્દ્રા ખાતે પ્રાકૃતિક ખેતી કિસાન પરિસંવાદ યોજાયો

# પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન અને આવકમાં ઘટાડો થાય છે એ વાત મિથ્યા છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી








રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કચ્છના મુન્દ્રા તાલુકાના નાના કપાયા ગામે ખાતે અદાણી ફાઉન્ડેશન આયોજિત પ્રાકૃતિક કૃષિ કિસાન પરિસંવાદમાં ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ સંબોધનમાં કહ્યું હતું કે, દેશભરમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા સરકાર યુદ્ધના ધોરણે ઝુંબેશરૂપે કામગીરી કરી રહી છે. કચ્છમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીને અપનાવી છે, તે માટે હર્ષની લાગણી વ્યક્ત કરીને તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં આજે ૮.૫ લાખથી વધારે ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીના વધી રહેલા વ્યાપને રાજ્યપાલશ્રીએ ક્રાંતિ ગણાવી હતી. રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન છે કે, દેશભરમાં ખેડૂતો મોટી સંખ્યામાં પ્રાકૃતિક ખેતી કરે અને સમૃદ્ધ બનીને દેશના વિકાસમાં સહભાગી બને. આ વિઝનને સાકાર કરવા માટે ગુજરાતમાં ૧૦-૧૦ ગામના ક્લસ્ટર બનાવીને પ્રાકૃતિક ખેતીની તાલીમ માટે માસ્ટર ટ્રેનરની નિમણૂક કરવામાં આવી છે. સંપૂર્ણ પ્રાકૃતિક ખેતીના લક્ષ્યને હાંસલ કરવામાં મહિલાઓ સ્વયંભૂ આગળ આવીને અભિયાનમાં જોડાય એવો અનુરોધ રાજ્યપાલશ્રીએ કર્યો હતો. અદાણી ફાઉન્ડેશન અને શ્રી રાજશક્તિ પ્રાકૃતિક ખેતી સહકારી મંડળી આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં મહિલાઓની મોટી સંખ્યામાં હાજરીને રાજ્યપાલશ્રીએ બિરદાવી હતી. પ્રાકૃતિક ખેતીના કરવાના લાભ વિશે રાજ્યપાલશ્રીએ હરિયાણા ગુરુકુલ કુરુક્ષેત્રમાં આવેલા પોતાના ફાર્મનો વીડિયો દર્શાવીને ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. પ્રાકૃતિક ખેતી કરવાથી ઉત્પાદનમાં ઘટાડો થાય એ વાતને મિથ્યા ગણાવીને રાજ્યપાલશ્રીએ સ્પષ્ટતા કરી હતી કે, પ્રાકૃતિક ખેતી એ કલ્યાણકારી ખેતી છે. પ્રાકૃતિક ખેતીમાં ખેડૂતોને ક્યારેય આર્થિક નુકસાની સહન કરવી પડતી નથી. પર્યાવરણને પ્રાકૃતિક ખેતીથી લાભ થાય છે. માનવીના આરોગ્યપ્રદ જીવન માટે પ્રાકૃતિક ખેતી વરદાન છે. પ્રાકૃતિક નહીં પણ રાસાયણિક ખેતીથી ખેડૂતોને આર્થિક નુકસાન આવે છે અને આરોગ્ય પણ જોખમાય છે. વધુ પડતાં રાસાયણિક ખાતરોના ઉપયોગથી લાંબા ગાળે જમીન બિનઉપજાઉ બની જાય છે. પ્રાકૃતિક ખેતી આર્થિક રીતે લાભદાયી હોવાનો મક્કમ વિશ્વાસ વ્યક્ત કરીને રાજ્યપાલશ્રીએ સૌ ખેડૂતોને તેનો અમલ કરવા જણાવ્યું હતું.

દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કેવી રીતે કરવી તેને લઈને રાજ્યપાલશ્રીએ ખેડૂતોને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. જીવામૃત, ઘનજીવામૃત તૈયાર કરવાની વિધી અને તેના ઉપયોગ વિશે રાજ્યપાલશ્રીએ સમજણ આપી હતી. અદાણી ફાઉન્ડેશન અને શ્રી રાજશક્તિ પ્રાકૃતિક ખેતી સહકારી મંડળીની કામગીરી બિરદાવીને રાજ્યપાલશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીને જનઆંદોલન બનાવીને આગળ વધવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ કચ્છ જિલ્લાના પ્રાકૃતિક ખેતીમાં વિશિષ્ટ સિધ્ધિઓ હાંસલ કરીને અન્યોને પ્રેરણા આપનારા ખેડૂતોનું સન્માનપત્ર એનાયત કરીને બહુમાન કર્યું હતું. પ્રાકૃતિક ખેતીને વેગ મળે તે માટે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પાસેથી પેદાશોની ખરીદી કરવા રાજ્યપાલશ્રીએ સૌને અનુરોધ કર્યો હતો.

પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં પધારેલા રાજ્યપાલશ્રીનું કચ્છી ભરતકામ, કચ્છી શાલથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં પ્રાકૃતિક ખેતીમાં વિશિષ્ટ સિધ્ધિઓ હાંસલ કરી હોય એવા ખેડૂતોએ પોતાના અનુભવોને રાજ્યપાલશ્રી સમક્ષ રજૂ કરીને તેમનું માર્ગદર્શન મેળવ્યું હતું. અદાણી ફાઉન્ડેશનના કાર્યકારી નિર્દેશક ભૂતપૂર્વ સનદી અધિકારી શ્રી વી. એસ. ગઢવીએ કૃષિ પરિસંવાદને ઐતિહાસિક ગણાવીને જણાવ્યું હતું કે, માનનીય રાજ્યપાલશ્રીના માર્ગદર્શનથી કચ્છમાં પ્રાકૃતિક ખેતીના અભિયાનને નવું પ્રેરકબળ મળશે. અદાણી ફાઉન્ડેશન સીએસઆર હેડ શ્રી પંક્તિ શાહે જણાવ્યું હતું કે, મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય એ દિશામાં ફાઉન્ડેશન કામગીરી કરી રહ્યું છે. ફાઉન્ડેશન દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમ અને જળ સંચયના કામો કરવામાં આવી રહ્યા છે.

આ પ્રસંગે માંડવી-મુંદ્રાના ધારાસભ્ય શ્રી અનિરુદ્ધભાઈ દવે, અદાણી પોર્ટ્સ અને એસઈઝેડ લિમિટેડના કાર્યકારી નિર્દેશક શ્રી રક્ષિતભાઈ શાહ, જિલ્લા કલેક્ટર શ્રી અમિત અરોરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી શૈલેષ પ્રજાપતિ, મુન્દ્રા પ્રાંત અધિકારીશ્રી ચેતન મિસણ સહિત માંડવી- મુન્દ્રાના વિસ્તારના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## આણંદના ઉમરેઠમાં સિદ્ધનાથ મહાદેવ મંદિરમાં પથ્થરમારા થયો

| આણંદ, તા.૧૨ |

રાજ્યમાં અવારનવાર પથ્થરમારાની ઘટના સામે આવતી હોય છે. ત્યાં ફરી એક વાર રાજ્યમાં પથ્થરમારાની ઘટના સામે આવી છે. આણંદના ઉમરેઠમાં નવરાત્રી પહેલા અસામાજિક તત્વોઓ દ્વારા શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ઉમરેઠના ઓડ બજારમાં આવેલા તળાવ પાસેના સિદ્ધનાથ મહાદેવ મંદિરમાં અજાણ્યા શખ્સોએ પથ્થરો નાખવામાં આવ્યા હતા.ગઈ કાલે રાત્રે અજાણ્યા શખ્સો દ્વારા પથ્થર નાખી મૂર્તિ ખંડિત કરવાનો પ્રયાસ કર્યો છે. આજે વહેલી સવારે ભક્તો અને પૂજારી મંદિર પહોંચ્યા ત્યારે પથ્થરો દેખાયા હતા. તો મહાદેવની ધજાની શોધખોળ કરતા ગટરના ખાડામાંથી મળી આવી છે. આ સમગ્ર ઘટના અંગે પૂજારીએ ઉમરેઠ પોલીસને જાણ કરી છે. તો આ અગાઉ વડોદરા જિલ્લામાં પથ્થરમારાની ઘટના સામે આવી હતી. વડોદરાના સાવલી તાલુકાના મંજુસર ગામે કોમી અથડામણની ઘટના બની હતી.મંજૂસરના વાઘેલા ફળિયા વિસ્તારમાં બે જૂથ વચ્ચે પથ્થરમારો થયો હતો.મંજૂસર ગામમાં ગણપતિની વિસર્જન યાત્રા દરમિયાન પથ્થરમારો થયો હતો. પથ્થરમારાને કારણે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ગ્રામજનોએ પંચાયત પાસેના ચોકમાં બેસી રામધુન બોલાવી પથ્થરમારો કરનાર વ્યક્તિ સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી.

## રેલવે ટ્રેક પર ગાયો આવી જતાં ભયંકર દુર્ઘટના, ૨૪ ગાયોના કરૂણ મોત

| અમરેલી, તા.૧૨ |

અમરેલી જિલ્લામાં રેલવે ટ્રેક પર વધુ એક અકસ્માતની ઘટના બની છે. અહીં સુરત- મહુવા ટ્રેનની અડફેટે આવી જતાં ૨૪ જેટલી ગાયોના મોત થતાં અરેરાટી વ્યાપી ગઇ છે. આ સ્થળે અનેક વખત અકસ્માત થાય છે. અગાઉ આ જ સ્થળ પર ટ્રેનની અડફેટે સિંહો આવી જતા મોત થયાની ઘટના બની છે. ૨૪ જેટલી ગાયોના ટ્રેનમાં કચ્ચણઘાણ નીકળી જતાં દુર્ઘટનાના પગલે રેલવે વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવ્યાં હતા. સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામ પાસે ટ્રેન પસાર થવાના સમયે ફાટક પાસે ટ્રેક પર ગાયો આવી ગઇ હતી અને ધસમસતી ટ્રેનમાં ગાયોનો કચ્ચણઘાણ વળી ગયો હતો. દુર્ઘટનાના પગલે ટ્રેનમાં પ્રવાસ કરતા પ્રવાસી પણ થોડો સમય માટે ગભરાય ગયા હતા. ડ્રાઈવરે ગાયોને બચાવવા માટે ઈમરજન્સી બ્રેક લગાવી હતી.

# ટીમ ઈન્ડિયાનું અમદાવાદમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

| અમદાવાદ, તા.૧૨ |



ભારતની આન..બાન...અને શાન ગણાતી ટીમ ઈન્ડિયાનું અમદાવાદમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.. વર્લ્ડ કપમાં પોતાના સફરને આગળ વધારવા અને પાકિસ્તાનને ફરી એકવાર પરાસ્ત કરવાના મક્કમ ઈરાદા સાથે ટીમ ઈન્ડિયા અમદાવાદની ધરતી પર ઉતરી ચુકી છે. રોહિત શર્માની કપ્તાનીમાં ટીમ ઈન્ડિયા વર્લ્ડ કપની આ ત્રીજી મેચ રમશે. ભારત અને પાકિસ્તાનની ટીમ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સામસામે ટકરાશે. ૧૪ ઓક્ટોબરે આ મેદાન પર ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે. ક્રિકેટ ચાહકો ભારત-પાકિસ્તાન મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ભારતીય સમય અનુસાર બપોરે ૨ વાગ્યે શરૂ થશે. ઉલ્લેખનીય છેકે, પ્રથમ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડની ટીમો આમને-સામને હતી. ૧૧ વર્ષ બાદ અમદાવાદ માં રમાશે ભારત પાકિસ્તાન વચ્ચે મેચ. ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનાર વર્લ્ડ કપ નો આઠમો મુકાબલો અમદાવાદ. આ પહેલાં અલગ અલગ વર્લ્ડ કપના મુકાબલાઓમાં સળંગ ૭ વાર પાકિસ્તાને પરાસ્ત કરી ચુક્યું છે ભારત. આ વખતે સળંગ આઠમીવાર પાકિસ્તાનને હરાવવાના ઈરાદા સાથે અમદાવાદની ધરતી પર ઉતરી છે ટીમ ઈન્ડિયા.

કપ્તાન રોહિત શર્મા, વિરાટ કોહલી સહિતના દિગ્ગજ ખેલાડીઓથી ભરેલી ટીમ ઈન્ડિયા અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલી ભવ્ય હોટલમાં રોકાશે.ૐ નર્મદા ખાતે રોકાશે ટીમ ઈન્ડિયા. એરપોર્ટથી બપોરે હોટેલ પહોંચી હતી ટીમ ઈન્ડિયા. આવતીકાલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરશે. સ્પેશિયલ ચાર્ટડ પ્લેન મારફતે ટીમ ઈન્ડિયા પહોંચી હતી અમદાવાદ. ટીમ ઈન્ડિયાના સ્વાગત માટે આ હોટેલમાં ભવ્યાંતિભવ્ય વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. આ મેચ માટે બાબર આઝમની આગેવાનીમાં પાકિસ્તાની ટીમ ૧૧ ઓક્ટોબરને બુધવારના રોજ અમદાવાદ પહોંચી ગઈ છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે પાકિસ્તાની ટીમ અમદાવાદ પહોંચી ગઈ છે. ગુજરાત પોલીસે સુરક્ષાના ભાગરૂપે લોખંડી બંદોબસ્તનું આયોજન કરી દીધું છે.

## લીમડી નગરમાં પ્રકૃતિ મિત્ર ટ્રસ્ટ અને આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા આયુર્વેદિક ઉકાળો આપવામાં આવ્યો



પંકજ પંડિત

| ઝાલોદ, તા.૧૨ |

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં સુભાષ ચોક ખાતે આજરોજ તારીખ ૧૨/૧૦/૨૦૨૩ નારોજ પ્રકૃતિ મિત્ર મંડળ, લીમડી અને શ્રી મુક્તિરંજન સરકારી આયુર્વેદ હોસ્પિટલ લીમડીના સંયુક્ત ઉપક્રમે અમૃતપૈય આયુર્વેદિક ઉકાળો આપવામાં આવ્યો. ઋતુ જન્ય સંક્રમણ રોગોથી બચવા માટે આયુર્વેદિક ઉકાળા વિતરણ કેમ્પ પ્રકૃતિ મિત્ર મંડલ દ્વારા રાખવામાં આવેલ હતો. જેમાં અનેક લોકોએ લાભ લીધો હતો. કોરોના કાળથી દુનિયાના લોકોને આયુર્વેદનું મહત્ત્વ સમજાયું છે, અસંખ્ય લોકો આયુર્વેદ તરફ વળ્યું છે. આ ઉકાળા થી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.

ડો. એ.કે. ગેલોત વૈધપંચકરમ દ્વારા આયુર્વેદનું મહત્વ તથા ડો.પી.યું. નાયક દ્વારા હોમિયેપેથીકનું મહત્વ સમજાવ્યું હતું.આ પ્રસંગે પ્રકૃતિ મિત્ર મંડળ લીમડીના સભ્યો તથા,હોસ્પિટલ સ્ટાફ દ્વારા સેવા આપી હતી.

આઇટીઆઇ સરસપુર ખાતે રાજ્યકક્ષાનો દ્વિતીય 'કૌશલ્ય દિક્ષાંત સમારોહ-૨૦૨૩' યોજાયો

## ઔદ્યોગીક તાલીમ સંસ્થા સરસપુરના ફાઇનલ યરમાં પાસ આઉટ થયેલા ૩૮૯ તાલીમાર્થીઓને પદવી એનાયત કરાઇ

**આઇ.ટી.આઇ સરસપુરમાંથી મેળવેલું પ્રેક્ટીકલ જ્ઞાન તાલીમાર્થીઓને ભવિષ્યમાં આગળ વધવા માટે ખૂબ જ ઉપયોગી થશે : શ્રી ગાર્ગી જૈન**



| અમદાવાદ, તા.૧૨ |

ઔદ્યોગીક તાલીમ સંસ્થા સરસપુર ખાતે રાજ્યકક્ષાના દ્વિતીય "કૌશલ્ય દિક્ષાંત સમારોહ"નું આયોજન કરવામાં આવ્યું છે. આ દિક્ષાંત સમારોહ બાપુનગરના ધારાસભ્ય શ્રી દિનેશભાઇ કુશવાહ તેમજ રોજગાર અને તાલીમ નિયામક શ્રી ગાર્ગી જૈન (IAS) જેવા મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો. આ અવસરે શ્રી ગાર્ગી જૈને(IAS) કહ્યું કે, આજે ઔદ્યોગીક તાલીમ સંસ્થા સરસપુરમાંથી પદવી મેળવનાર સૌ તાલીમાર્થીઓ આવનારાં સમયમાં પોતાના સ્વપ્નો પૂરા કરશે. એટલું જ નહિ આ તાલીમાર્થીઓને અહીથી મળેલું પ્રેક્ટીકલ જ્ઞાન ભવિષ્યમાં આગળ વધવા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થવાનું છે. શ્રી ગાર્ગી જૈને વધુમાં કહ્યું કે, ઔદ્યોગીક તાલીમ સંસ્થા સરસપુરમાંથી પાસ આઉટ થયેલા સૌ તાલીમાર્થીઓએ પોતાની કારકિર્દી માટે કામ કરવાનું છે અને સમય અને ટેકનોલોજી અનુરૂપ આગળ વધવાનું છે. આ સાથે છોકરીઓ વધુમાં



વધુ આ સંસ્થા સાથે જોડાય અને આગળ આવે એવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઔદ્યોગિક તાલીમ સંસ્થા સરસપુરના ક્લાસ-૧ આચાર્ય સુશ્રી એમ.પી. શાહે કહ્યું કે, આ કૌશલ્ય દિક્ષાંત સમારોહ કુલ ૩૮૯ તાલીમાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી છે. પ્રવેશ સત્ર ઓગસ્ટ ૨૦૨૩ અંતર્ગત આ સંસ્થા ખાતે ૯૧ ટકા બેઠકો પર તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. જ્યારે વર્ષ ૨૦૨૩નું અખિલ ભારતીય વ્યવસાય કસોટીનું પરિણામ ૯૨ ટકા આવ્યું છે, જેમાં સંસ્થામાં કાર્યરત ફેશન ડિઝાઈનીગ ટેકનોલોજી વ્યવસાયના તાલીમાર્થી અકીલ અહેમદ ચુડીવાલાએ સંબંધિત કોર્સ મા નેશનલ લેવલ પર પ્રથમ ક્રમ હાંસિલ કર્યો છે.

**મનસુખ વસાવાએ નર્મદા પોલીસ પર ગંભીર આક્ષેપો કર્યા**

## સોલીયા ગામમાં દર મહિને ૩૫ લાખ રૂપિયા પોલીસ હપ્તો લે છે : વસાવા

| ભરૂચ, તા.૧૨ |

ગુજરાતમાં દારુબંધી માત્ર કાગળ પર છે તે વાત ફરી એક વખત સાબિત થઈ છે. ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ નર્મદા પોલીસ પર ગંભીર આક્ષેપો કર્યા છે. સાંસદ મનસુખ વસાવાએ નાંદોદના ચિત્રોલ-મયાસી ગામે ધમધોખાર વિદેશી દારૂનું વેચાણ થતું હોવાના આક્ષેપો કર્યા છે. આપને જણાવી દઈએ કે અત્યાર સુધી વિપક્ષના નેતાઓ દ્વારા રાજ્યમાં ખુલ્લેઆમ દારૂના વેપલાને લઈને આક્ષેપો કરવામાં આવતા હતા, પરંતુ હવે ખુદ શાસકપક્ષના સાંસદ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. 'મેરી મિટ્ટી મેરા દેશ' કાર્યક્રમ અંતર્ગત યોજાયેલા એક કાર્યક્રમમાં સાંસદ મનસુખ વસાવાએ જાહેરમાં આક્ષેપ કરતા કહ્યું છે કે, કેટલાક નેતાઓ તો સ્ટાર બેન્ડમાં લોકોને દારૂ પીવડાવીને આખી રાત નચાવે છે, સમાજ સેવા કરવાની તમારી આ નીતિ છે. યુવાનોમાં પડેલી શક્તિને શિક્ષણ તરફ ડાયવર્ટ કરવી જોઈએ, રોજગાર તરફ તેને ડાયવર્ટ કરવી જોઈએ. તો જ યુવાનોનું અને દેશનું ભલું થશે. દેશના પ્રધાનમંત્રી આ માટે રાત-દિવસ મહેનત કરી રહ્યા છે.

તેઓએ કહ્યું કે, મને તો થોડી-થોડી ખબર પડી કે સોલીયા ગામમાં મોટા-મોટા બુટલેગરો ફાટી નીકળ્યા છે. આ રોકવું પડે, નહીં તો આ લોકો યુવા પેઢીને બરબાદ કરી નાખશે. મારો ઈતિહાસ જોઈ લેજો, હું તો ગમે એટલો મોટો ચરમબંધી હોય એને પણ ખુલ્લેઆમ બોલી દઉં છું. આ બુટલેગરો યુવાનોને બરબાદ કરી રહ્યા છે. એકબાજુ દેશના પ્રધાનમંત્રી એમ કહી રહ્યા છે કે મારે સમૃદ્ધ ભારત બનાવવું છે, યુવા ભારત બનાવવું છે, યુવાનોના હાથમાં દેશને સોંપવાની વાત કરે છે. આવી રીતે બનશે સમૃદ્ધ ભારત.

## સંજેલીની શાળા શ્રી શ્રદ્ધા વિદ્યાલયના સ્થાપકને ભાવભીની શ્રદ્ધાંજલિ શાળાના વિદ્યાર્થીઓએ આપી



| ઝાલોદ, તા.૧૨ |

સંજેલી તાલુકામાં આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રદ્ધા વિદ્યાલય ધોરણ ૧ થી ૮ કાર્યરત છે. આ સંસ્થાનો પાયો નાખનાર મૂળ એવા સ્વ. હિમાંશુભાઈ વિરસિંહભાઈ ચરપોટની આજરોજ ચોથી પુણ્ય તિથિ હોવાથી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શાળાના આચાર્ય શ્રી દિલીપકુમાર એચ. મકવાણાએ બાળકોને જણાવ્યું હતું કે આ શાળા ઊભી કરવામાં જે શૈક્ષણિક યોગદાન આપેલ છે તેના વિશે માહિતી આપવામાં આવી હતી. સ્વ. હિમાંશુભાઈ વી. ચરપોટ સાહેબ ની છબીને ફૂલહાર શાળાના સ્ટાફ દ્વારા અર્પણ કરવામાં આવેલ અને અર્શુભરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.



શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પારલે બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને બે મિનિટનું મૌન પાળી... ગાયત્રી મંત્ર બોલીને પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ મળે તે માટે પ્રાથના કરવામાં આવી હતી.. આમ શ્રી શ્રદ્ધા વિદ્યાલયના સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા ચોથી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે અર્શુભરી શ્રદ્ધાંજલિ આપી હતી.



કુવામાં એક જ કુટુંબના એક સાથે બે બાળકોના મોત નીપજતા પરિવાર સહિત નગરમાં માતમ છવાયો

## સંજેલીના કરંબામાં કુવામાં પડી જવાથી બે માસુમ બાળકોના મોત પરિવારમાં માતમ છવાયો

**ચીકણી માટીના કારણે સ્લીપ ખાતા બંને માસુમ બાળકો કૂવામાં પડ્યા બંને માસુમ સાત વર્ષના હતા. પરિવારમાં માતમ છવાયો**

| ઝાલોદ, તા.૧૨ |

સંજેલી તાલુકાના કરંબા ખાતે કાઠા વગર ના કૂવા પાસે સીનટેક્સ ની ટાંકી પર બે માસુમ બાળકો નાહવા તેમજ પાણી પીવા માટે ગયા નું અનુમાન તે દરમિયાન ચીકણી માટીના કારણે બે કુટુંબી માસુમ બાળકો કૂવામાં કંઈક કારણોસર લપસી ગયા હતા બંને બાળકો સાત વર્ષના ઉંમરના બાળકો હતા ઘર આગળ આવેલા કાંઠા વગરનો કુવા પર લપસી જતા ઊંડા કૂવામાં પાણીમાં પડ્યા કૂવામાં ફૂલ પાણી થી ભરપૂર હતો પાણીમાં પડતા જ બંને બાળકો ડૂબી જતા મોત નીપજ્યું આ ઘટનાને લઈ સંજેલી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ગતરોજ ૧૧ મીના રોજ સાંજના પાંચ છ વાગ્યાના અરસામાં સંજેલીના કરંબા ગામે બે માસુમ કુટુંબી ભાઈઓ ધનરાજ સમસુભાઈ તાવીયાડ અને સુકમભાઈ અર્જુનભાઈ તાવીયાડ આ બંને માસુમ બાળકો ઘર આગળ આવેલા કુવા પાસે ટાંકી પર નાહવા ગયા હતા તે દરમિયાન અચાનક ચીકણી માટીના કારણે બંને માસુમ બાળકો ના પગ લપસી જતા કાંઠા વગરના કૂવામાં બંને પડી જતા મોત નીપજ્યું હતું. બંને માસુમ બાળકો કુવામાં પડી જતા બુમા બુમ મચી જવાબ પામી હતી અને આસપાસ માંથી પરિવાર સહિત ગ્રામજનો





દોડી આવ્યા હતા અને બંને બાળકોને કુટુંબી દ્વારા કૂવામાંથી બહાર કાઢે તે પહેલા પાણીમાં મોત નીપજ્યું હતું બંને માસુમ બાળકોના મોત થતા પરિવાર માં માતમ છવાઈ ગયો હતો . આ ઘટનાની જાણ સંજેલી પોલીસને કરાતા સંજેલી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને બંને માસુમ બાળકોના મૃતદેહને સંજેલી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પીએમ માટે ખસેડવામાં આવ્યા હતા આ અંગે સંજેલી પોલીસે અકસ્માતનો ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

યુવતીની ઉંમર ૧૭થી ૩૦ હોવાનું અનુમાન

## રાજકોટમાં હત્યા કરીને સળગાવેલી લાશ મળી

| રાજકોટ, તા.૧૨ |

૧૭થી ૩૦ વર્ષની અજાણી સ્ત્રીની લાશ સળગેલી હાલતમાં ૯ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ સવારના ૧૧:૦૦ વાગ્યાના અરસામાં ખામટા ગામ પાસેથી મળી આવી હતી. સમગ્ર મામલાની જાણ પડધરી પોલીસને થતા પડધરી પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે ઘટના સ્થળ પર જરૂરી પંચનામાની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ સળગેલા માનવ કંકાલને ફોરેન્સિક પીએમ અર્થે મોકલ્યા હતા. ત્યારે ફોરેન્સિક પીએમના પ્રાથમિક રિપોર્ટમાં મરણ જનનારની ઉંમર ૧૭ વર્ષથી ૩૦ વર્ષની વયની હોવાનું સામે આવ્યું હતું. ત્યારે સમગ્ર મામલે પડધરી પોલીસ દ્વારા આઈપીસી ૩૦૨ (હત્યા) અને ૨૦૧ (પુરાવાનો નાશ કરવો) સહિતની કલમ હેઠળ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

મેચની ટિકિટનો સોદો કરવો યુવકોને ભારે પડ્યો

## સેટેલાઈટમાં મેચની ટિકિટ વેચવા આવેલા બે મિત્રોનું કિડનેપિંગ

| અમદાવાદ, તા.૧૨ |

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં શનિવારે યોજાનારી ભારત-પાકિસ્તાન વચ્ચેની વર્લ્ડ કપની મેચને લઈને ક્રિકેટરસિકોમાં જબરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ મેચને સ્ટેડિયમમાં બેસીને જોવાની ક્રિકેટરસિકોને ઘણી ઈચ્છા છે. જોકે, હાલમાં ટિકિટ મળવી ઘણી મુશ્કેલ છે. એવામાં આ તકનો લાભ હવે ગઠિયાઓ ઉઠાવી રહ્યા છે. ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચની ડુપ્લિકેટ ટિકિટો બનાવી શોર્ટકટથી રૂપિયા કમાવવા ઈચ્છતા ચાર આરોપીઓને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા બાદ હવે મેચની ટિકિટનો સોદો કરવા આવેલા બે યુવકોનું અપહરણ કરીને તેઓને માર મારી રૂપિયા પડાવી લેવામાં આવ્યા હોવાની ઘટના સામે આવી છે. અમદાવાદમાં મેચની ટિકિટનો સોદો કરવો યુવકોને ભારે પડ્યો છે.

ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચ જોવા આવનારા પ્રશંસકો માટે અન્ય એક મોટી ભેટ

## પશ્ચિમ રેલવે ચલાવશે મુંબઈ સેન્ટ્રલ અને અમદાવાદ વચ્ચે અન્ય એક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન

| અમદાવાદ, તા.૧૨ |

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદમાં આયોજિત થનારી ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચને જોવા આવનારા ક્રિકેટ પ્રશંસકોની અધિક ભીડને સમાયોજિત કરવાના ઉદ્દેશથી મુંબઈ સેન્ટ્રલ અને અમદાવાદ વચ્ચે વિશેષ ભાડા પર અન્ય એક જોડી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે. આ ટ્રેનની વિગતો આ પ્રકારે છે:

**ટ્રેન નંબર ૦૯૦૧૫/૦૯૦૧૬ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ**

ટ્રેન નંબર ૦૯૦૧૫ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ સ્પેશિયલ શુક્રવાર, ૧૩ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ૨૩.૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૭.૨૦ કલાકે અમદાવાદ પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર ૦૯૦૧૬ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ રવિવાર, ૧૫ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ અમદાવાદથી ૦૨.૦૦ કલાકે ઉપડશે અને એ જ દિવસે ૧૦.૩૦ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે.

આ ટ્રેન બંને દિશાઓમાં દાદર, બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સૂરત અને વડોદરા જં. સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩-ટિયર, સ્લીપર અને સેકંડ સિટિંગ શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૦૧૫ અને ૦૯૦૧૬ નું બુકિંગ ૧૩ ઓક્ટોબર, ૨૦૨૩ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ ઉપર શરૂ થશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨